ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૬૨ । વિક્રમ સંવત ૨૦૮૨ : મહા સુદ ૦૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 162 • Dt.20-01-2026 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

20 JANUARY- 2026 TUESDAY




P.07

મસાબાએ તેની ડિઝાઈનર સાડી અયોધ્યામાં પહેરવા ના પાડી હતી : કંગના



P.07

નોરા ફતેહીએ ભૂષણકુમાર સાથે અફેરની વાત પાંચ વર્ષે નકારતાં આશ્ચર્ય

બીએલએફનો બલૂચિસ્તાનમાં મોટો હુમલો । ૫૦ પાકિસ્તાની સૈનિકોના મોત, અનેક ઈજા

07





07

ચિલીના જંગલોમાં પ્રચંડ આગમાં ૧૮ લોકોના મોત ૨૦ હજારથી વધુ લોકો બેઘર । ઈમરજન્સી જાહેર

**૨ કેદીના આપઘાતનો પ્રયાસ બાદ ભાંડો ફૂટ્યો**

**૧૨૦ વર્ષમાં ક્યારેક્ય કામચી મેડિકલ ઓફિસરની નિમણૂક જ ન થઇ । ૧૦ વર્ષથી એક જ સ્થળે ફરજ બજાવતો સ્ટાફ શંકાના દાયરામાં**

# સુરેન્દ્રનગર જેલની ભયાનક વાસ્તવિકતા : ૧૨૫ની ક્ષમતા સામે ૩૦૦ કેદીઓ

**જેલની વણસતી જતી સ્થિતિનું નિરીક્ષણ કરવા એએસપી વેદિકા બિહાની, એલસીબી અને એસઓજી સહિતના કાફલાએ જેલની મુલાકાત લીધી**

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૯ ।

સુરેન્દ્રનગર જિલ્લાની મુખ્ય સબજેલ હાલ તેની સ્થાપનાના ૧૨૦ વર્ષના ઈતિહાસમાં સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહી છે. ૧૯૦૫માં અંગ્રેજોના શાસનકાળ દરમિયાન નિમત આ જેલની ભૌગોલિક સ્થિતિ અને વહીવટી માળખું અત્યારના વધતા જતા ક્રાઈમ રેટ સામે વામણું પૂરવાર થઈ રહ્યું છે. પ્રથમ વખત જેલમાં કેદીઓની સંખ્યા ૩૦૦ના આંકડાને સ્પર્શી ગઈ છે, જે જેલ પ્રશાસન માટે ખતરાની ઘંટડી સમાન છે.મળતી માહિતી અનુસાર, સુરેન્દ્રનગર સબજેલની સત્તાવાર ક્ષમતા માત્ર ૧૨૫ કેદીઓની છે, પરંતુ હાલમાં અહીં ૧૩ મહિલાઓ અને ૨૮૭ પુરુષો સહિત કુલ ૩૦૦ કેદીઓ સજા કાપી રહ્યા છે. આ સંખ્યા વધવા પાછળનું મુખ્ય કારણ ધ્રાંગધ્રા સબજેલમાં ચાલી રહેલું રીનોવેશન કામ છે. ધ્રાંગધ્રા જેલ બંધ થતા ત્યાંના ૩૦થી વધુ કેદીઓને પણ સુરેન્દ્રનગર ખસેડાયા છે. જેલમાં કેદીની સંખ્યામાં ત્રણ ગણો વધારો થયો છે, પરંતુ સુરક્ષા અને વ્યવસ્થા માટેનો સ્ટાફ અત્યંત મર્યાદિત છે. હાલ માત્ર ૨૧ કર્મચારીઓ ૩૦૦ કેદીઓ પર દેખરેખ રાખી રહ્યા છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે જેલ અધિક્ષક, સુબેદાર અને હવાલદાર જેવી મુખ્ય વહીવટી જગ્યાઓ વર્ષોથી ખાલી પડી છે.અપૂરતી જગ્યા અને સુવિધાઓના અભાવે કેદીઓ અને જેલ સ્ટાફ વચ્ચે અવારનવાર ઘર્ષણની ઘટનાઓ બની રહી છે.



છેલ્લા ત્રણ દિવસમાં જ બે કેદીઓએ શેમ્પુ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાના અહેવાલોએ તંત્રને દોડતું કરી દીધું છે. જેલમાં જગ્યાના અભાવે કેન્ટીન કે અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓ પણ શક્ય બની રહી નથી.જેલની ગંભીર પરિસ્થિતિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે જેલની સ્થાપનાથી આજ દિન સુધી (૧૨૦ વર્ષમાં) અહીં ક્યારેય કાયમી મેડિકલ ઓફિસર કે ફિમેલ નર્સની નિમણૂક થઈ નથી. સામાન્ય બીમારીમાં પણ કેદીઓને સિવિલ હોસ્પિટલ લઈ જવા માટે સ્ટાફને દોડધામ કરવી પડે છે, જે સુરક્ષાની દ્રષ્ટિએ પણ જોખમી સાબિત થઈ શકે છે.જેલના વહીવટમાં બીજી એક મોટી સમસ્યા સ્ટાફની બદલી ન થવાની છે. જેલ સિપાઈ સહિતના ૧૫થી વધુ કર્મચારીઓ છેલ્લા ૧૦ વર્ષથી એક જ જેલમાં ફરજ બજાવી રહ્યા છે. લાંબા સમય સુધી એક જ સ્થળે રહેવાને કારણે કેદીઓ અને સ્ટાફ વચ્ચેના સંબંધો ગાઢ બન્યા હોવાની આશંકા સેવાઈ રહી છે. આ પરિસ્થિતિને કારણે જેલમાં ગેરકાયદે વસ્તુઓ કે પ્રતિબંધિત ચીજવસ્તુઓ પહોંચવી સરળ બની જાય છે, જે જેલની શિસ્તને નુકસાન પહોંચાડી રહી છે.

**સુરતના ૨ અને વડોદરાના ૫ ઈસમો**

## ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત ૫.૮૫ કરોડની કિંમતનું કોબ્રા સાપનું ઝેર પકડાયું । સાત આરોપીઓની ધરપકડ કરાઈ

। પ્રતિનિધિ, સુરત, તા.૧૯ ।

સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ને એક મહત્વની સફળતા હાથ લાગી છે. કદાચ ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત ૫.૮૫ કરોડની કિંમતનું કોબ્રા સાપનું ઝેર પકડાયું છે. જેની હેરાફેરી કરતાં ૭ આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે. જેઓ અંદાજે ૬.૫ એમએલ કોબ્રા વેનોમને વેચવાની ફિરાકમાં હતા. જેની બજાર કિંમત અંદાજિત ૫,૮૫,૦૦,૦૦૦ રૂપિયા જેટલી થયા છે. મળતી માહિતી અનુસાર આ ઝેર અમદાવાદના એક ઘનશ્યામ સોની નામના શખ્સે આરોપીઓને આપ્યું હતું. ઝડપાયેલા ૭ આરોપીઓમાં સુરતના ૨ અને વડોદરાના ૫ ઈસમોનો સમાવેશ થાય છે. આરોપી કોબ્રા સાપનું ઝેર લઈ તેને લસકાણા અને સરથાણા વિસ્તારમાં મોટી કિંમતમાં વેચવાની પ ેરવીમાં હતા. જેના ગ્રાહકોની શોધખોળ તે કરી રહ્યા હતા. આપને એ પણ જણાવી દઈએ કે સાપના ઝેરનો ઉપયોગ બ્લડપ્રેશર અને હાર્ટને લગતી દવાઓમાં વધુ પડતો થાય છે પણ હાલનું યુવાધન આ ઝેરનો રેવ પાર્ટીઓમાં નશો કરવા માટે ગેરકાયદે ઉપયોગ કરે છે. આ ઉપ રાંત સાપ કરડ્યા પછી તેના ઉપચારની અંદર એન્ટીવેનમ તરીકે પણ સાપના ઝેરનો ઉપયોગ થાય છે. ઉલ્લેખનીય છે કે સુરત એસઓજી ટીમને બાતમી મળી હતી કે કોબ્રા સાપના ઝેરને વેચવા કેટલાક શખ્સો પૂછપરછ કરી રહ્યા છે. આ ગેંગ સુરતમાં મેરેજ બ્યુરો ચલાવી રહેલા મનસુખ ઘીનૈયા સાથે સંપર્કમાં હતી. જ્યાં ઝેરની ડીલ ૯ કરોડમાં ડીલ ડન થઈ હતી. આરોપીઓ રકમના સોદામાં દરેકના ટકાવારી પ્રમાણે કમિશન નક્કી હતા. પણ ડીલ ડન થાય તે જ પહેલા ચોક્કસ વોચ ગોઠવી દરોડા પાડવામાં આવ્યા હતા.







### અંતિમ દિવસે રેકોર્ડ બ્રેક ૧૯૫ ફોર્મ જમા થયા

# રિવાઇવલ, રોયલ અને સત્યમેવ જયતે જૂથો વચ્ચે ટક્કર

## ફોર્મની ચકાસણી બાદ આવતી કાલે ઉમેદવારી પાછી ખેંચાશે, ઉમેદવારોની ફાઈનલ યાદી તા. ૨૨ જાન્યુઆરીએ જાહેર થશે

| પ્રતિનિધિ, બરોડા, તા.૧૯ |

બી.સી.એ. (બરોડા ક્રિકેટ એસોસિયેશન)ની ચૂંટણી પ્રક્રિયા હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. આગામી તા.૧૫ ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણીને લઈને આજે ફોર્મ ભરવાના અંતિમ દિવસે ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. પ્રમુખ, ઉપપ્રમુખ સહિત કુલ ૩૧ વિવિધ પદો માટેના ચૂંટણી જંગમાં રિવાઈવલ, રોયલ અને સત્યમેવ જયતે આ ત્રણ મજબૂત જૂથો મેદાનમાં ઉતરતાં ત્રિપાંખિયો જંગ સર્જાયો છે. અલગ-અલગ કેટેગરીમાં ૧૯૫ ફોર્મ ભરાતા ચૂંટણી રસપ્રદ બની ગઈ છે.

બી.સી.એ.ના વહીવટમાં પરિવર્તન લાવવું કે વર્તમાન વ્યવસ્થાનું પુનરાવર્તન કરવું એ મુદ્દે શહેરના ક્રિકેટ પ્રેમીઓ અને સભ્યોની નજર ત્રણેય જૂથોના ઉમેદવારો પર ટકેલી છે. આવતીકાલે ભરાયેલા ફોર્મની ચકાસણી કરવામાં આવશે, ત્યારબાદ સ્પષ્ટ થશે કે કયા હોદ્દાઓ પર સીધી ટક્કર થશે. જ્યારે તા. ૧૬ ફેબ્રુઆરીએ પરિણામ જાહેર થતા વડોદરાના ક્રિકેટનું ભવિષ્ય કોના હાથમાં રહેશે તે સ્પષ્ટ થશે.સાંજે છ વાગ્યે ફોર્મ ભરવાની સમય મર્યાદા પૂર્ણ થતા ચૂંટણી ઓફિસર આઈ.આઈ. પંડયાએ સ્પષ્ટતા કરી હતી કે, ૭૦૨ ફોર્મના ઉપાડસામે બે દિવસ દરમિયાન ૧૯૫ ફોર્મ જમા થયા છે. જેમા પ્રમુખ પદે - ૭, ઉપ પ્રમુખ પદે-



૯ અને સેક્રેટરી પદે - ૯ ઉમેદવારી ફોર્મ અને બાકીના ફોર્મ અલગ અલગ હોદાઓ માટે ભરાયા છે.ઉલ્લેખનીય છે કે, અગાઉ એકબીજાના હરીફ રહેલા રિવાઈવલ અને રોયલ જૂથે ૨૦૨૩ની ચૂંટણીમાં સમાધાન કરી વિરોધીઓને ચોંકાવ્યા હતા, ત્યારે આ વખતની ચૂંટણીમાં તેઓ ફરી સામસામે આવશે કે કોઈ નવા સમીકરણો રચાશે તે બાબતે ભારે ચર્ચા ચાલી રહી છે.

આ ચૂંટણી માટે ફોર્મ જમા કરાવવા આજે અંતિમ દિવસે મોટી સંખ્યામાં ઉમેદવારો અને તેમના સમર્થકો પહોંચે તે નક્કી હતું. તેમ છતાં આગોતરું આયોજન ન કરાતા ઉમેદવારોએ વ્યવસ્થાઓ અંગે સવાલો ઉઠાવ્યા હતા. ફોર્મ સ્વીકારવા માટે માત્ર એક જ કાઉન્ટર રાખવામાં આવતા વિલંબ થયો હતો. ઉમેદવારોની રજૂઆત બાદ બીજું કાઉન્ટર શરૂ કરાયું હતું. આ ઉપરાંત સિનિયર સિટીઝન માટે બેસવાની અપૂરતી વ્યવસ્થા હોવાથી અનેક લોકોને ઓફિસની બહાર ઊભા રહેવાની નોબત આવી હતી.

## વડોદરાના ગોત્રી તળાવમાં કચરો ફેંકતા લારીધારકો સામે દંડાત્મક કાર્યવાહી

| પ્રતિનિધિ, વડોદરા, તા.૧૯ |

વડોદરા શહેરના ગોત્રી તળાવમાં કચરો ઠાલવતા કેટલાક લારીધારકો સામે મ્યુ. કોર્પોરેશને દંડાત્મક કાર્યવાહી હાથ ધરી એક ટ્રક ભરી માલ સામાલ જપ્ત કર્યો હતો.ગઈકાલે મ્યુનિ. કોર્પોરેશને ગોત્રી તળાવમાં કચરો નાખી ગંદકી ફેલાવનાર લારીધારકો સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. એન્ક્રોચમેન્ટ એન્ડ રિમુવલડાયરેક્ટર, આસી. મ્યુનિ. કમિશનર પશ્ચિમ ઝોન, વોર્ડ નં. ૧૦ના રેવન્યુ ઓફિસર સહિતના અધિકારીઓની ટીમ દ્વારા વિઝિટ કરતા ગોત્રી તળાવ શાક માર્કેટથી ગોત્રી પાણીની ટાંકીથી લઈને બીલીવન ગાર્ડન સુધીના તળાવ કિનારે આવેલા કેટલાક લારીધારકોની બેદરકારી સામે આવી હતી.

## જામનગર શહેર અને જિલ્લામાં ઠંડીમાં રાહત ૧૩.૦ ડિગ્રી તાપમાન : ભેજનું પ્રમાણ વધી જતાં ઝાકળ વર્ષા થઈ

| પ્રતિનિધિ, જામનગર, તા.૧૯ |

જામનગર શહેર અને જિલ્લામાં ધીમે ધીમે ઠંડીમાં રાહત થઈ રહી છે. બે દિવસ પહેલા શુક્રવારે ઠંડીનો પારો ૯.૫ ડીગ્રી સુધી નીચે ચાલ્યો ગયો હતો, અને સિંગલ ડીજિટમાં તાપમાન નોંધાયું હોવાથી વાતાવરણમાં ઠંડક પ્રવેશી ગઈ હતી. પરંતુ તેમાં હવે રાહત જોવા મળી છે, અને ઠંડીનો પારો ઉપર ચડીને ૧૩.૦ ડિગ્રી સુધી પરત ફર્યો હોવાથી છેલ્લા બે દિવસથી ઠંડીમાં રાહત થઈ છે. જોકે વહેલી સવારે ભેજનું પ્રમાણ વધી જતાં ઝાકળવર્ષા થઈ છે. આજે સવારે ભેજનું પ્રમાણ ૮૪ ટકા રહ્યું હતું, જેને કારણે ગાઢ ધુંમ્મસ દેખાયું હતું, અને વિઝીબિલિટી ઝીરો થઈ જતાં વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો, ઉપરાંત માર્ગો પણ ભીંજાયા હતા. જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમના જણાવ્યા અનુસાર આજે સવારે ૮:૦૦ વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૧૩.૦ ડિગ્રી સેન્ટિ-ગ્રેડ જ્યારે મહત્તમ તાપમાન ૨૭.૦ ડિગ્રી સેન્ટિગ્રેડ નોંધાયું છે.

## અમદાવાદ : ડુંગળીના ભાવમાં ભડકો, છૂટક બજારમાં ભાવ રૂા.૩૦થી ૫૦ પ્રતિ કિલોને પાર

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ |

અમદાવાદીઓના ભોજનનો અભિન્ન હિસ્સો ગણાતી ડુંગળી હવે ગૃહિણીઓ સાથે હોટલ સંચાલકોને પણ રડાવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ડુંગળીના ભાવમાં સતત ઉછાળો નોંધાઈ રહ્યો છે. હોલસેલ બજારમાં પ્રતિ કિલો ૮ થી ૧૮ માં વેચાતી ડુંગળીના ભાવ વધીને ૧૮ થી ૨૪ સુધી પહોંચી ગયા છે, જેની સીધી અસર છૂટક બજાર પર પડી રહી છે.જથ્થાબંધ બજારમાં ભાવ વધતા જ શહેરના જુદા જુદા વિસ્તારોમાં છૂટક ડુંગળી ૩૦ થી માંડીને૫૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. હાલમાં અમદાવાદના માર્કેટ યાર્ડમાં મહારાષ્ટ્રના નાસિક તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર, મહુવા અને રાજકોટ પંથકમાંથી ડુંગળીની આવક થઈ રહી છે. જોકે, વેપારીઓના મતે આગામી દિવસોમાં પુરવઠો અને માંગના સમીકરણોને જોતા ભાવમાં હજુ પણ વધારો થવાની શક્યતા છે.ડુંગળીના વધતા ભાવ વચ્ચે હોટલ અને રેસ્ટોરન્ટ ઉદ્યોગમાં એક નવી ચર્ચાએ જોર પકડ્યું છે. બજારના સૂત્રો અને જથ્થાબંધ વેપારીઓના જણાવ્યા અનુસાર, ડુંગળીના વધતા ભાવને કારણે ખર્ચ પર નિયંત્રણ રાખવા માટે વિવિધ સ્તરે પ્રયાસો થઈ રહ્યા છે.નાની હોટલોની મજબૂરી: બજારના જાણકારોનું કહેવું છે કે, નાની અને મધ્યમ વર્ગની હોટલોમાં ઘણીવાર રસોડા અને શાકભાજીનો સ્ટોક ગ્રાહકોની નજર સામે હોવાથી ત્યાં સંચાલકો સારી ગુણવત્તાની ડુંગળી રાખવાનો આગ્રહ રાખતા હોય છે.મોટી હોટલો અને ખર્ચનું ગણિત: બીજી તરફ, મોટાપાયે વપરાશ ધરાવતી અને જ્યાં રસોડામાં ગ્રાહકોની સીધી અવરજવર નથી હોતી, તેવી જગ્યાઓએ ખર્ચ ઘટાડવા માટે ઘણીવાર સસ્તા વિકલ્પો કે મધ્યમ ગુણવત્તાની ડુંગળીનો ઉપયોગ થતો હોવાનું બજારમાં ચર્ચાઈ રહ્યું છે.

### નાગાલેન્ડના પીઆઈબી વિભાગે પત્રકારોનું ભવ્ય સ્વાગત કર્યુ

# ગુજરાતના પત્રકારો નાગાલેન્ડની ટૂરમાં જોડાયા | વિવિધ સરકારી પ્રોજેક્ટો અને હેરિટેજ વિલેજની માહિતી લીધી

| પ્રતિનિધિ, કોહિમા, તા.૧૯ |

ગુજરાતના પત્રકારો નાગાલેન્ડની ટૂર જોડાયા છે અને વિવિધ સ્થળોની માહિતી લીધી છે.વિવિધ સરકારી પ્રોજેક્ટો અને હેરિટેજ વિલેજની ગુજરાતી પત્રકારોએ માહિતી મેળવી છે. દિમાપુર એરપોર્ટ ખાતે નાગાલેન્ડના પીઆઈબી વિભાગે ગુજરાતના પત્રકારોનું ભવ્ય સ્વાગત કર્યુ હતુ. દેશના પત્રકારો એક બીજા રાજ્યના પત્રકારો અને સ્થાનિક માહિતી અને સંસ્કૃતિથી વાકેફ થઈ શકે તે માટે અમદાવાદ પીઆઈબી દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ ટૂરમાં ગુજરાતના વિવિધ મીડિયા સાથે સંકળાયેલા પત્રકારો જોડાયા છે.દીમાપુર એરપોર્ટ પર તેમના આગમન સમયે, ૧૩ વરિષ્ઠ પત્રકારો અને બે અધિકારીઓ સહિતની આ




ટીમનું સ્વાગત પીઆઈબી કોહિમાના આસિસ્ટન્ટ ડાયરેક્ટર કે. સોનીકુમાર સિંહ અને સીબીસી કોહિમાના ફિલ્ડ એક્ઝિબિશન ઓફિસર પી. સોફી દ્વારા કરવામાં આવ્યું હતું.સ્વાગત સમારોહ દરમિયાન મુલાકાતી પત્રકારોને નાગાલેન્ડની વિવિધ જાતિઓના પરંપરાગત નાગા મફલર અર્પણ કરવામાં આવ્યા હતા. પીઆઈબી અમદાવાદ દ્વારા પ્રાયોજિત આ પાંચ દિવસીય પ્રવાસ ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના મીડિયા એક્સચેન્જ પ્રોગ્રામનો એક ભાગ છે. આ મીડિયા પ્રવાસનું સંચાલન ફિલ્ડ પબ્લિસિટી આસિસ્ટન્ટ દેવેન્દ્ર ત્રિવેદી કરી રહ્યા છે અને યંગ પ્રોફેશનલ નિશાંત પ્રણામી તેમને મદદ કરી રહ્યા છે.કોહિમા પહોંચ્યા પછી, મીડિયા ટીમે કોહિમાના સીમાચિહ્નરૂપ કેથોલિક ચર્ચ 'ધ કેથેડ્રલ' ની મુલાકાત લીધી હતી.આ ટીમ ખોનોમા ગામ અને મેડઝીફેમા ખાતેના આઈસીએઆર મિથુન રિસર્ચ સેન્ટરની મુલાકાત લીધી હતી. ગુજરાતના પત્રકારો નાગાલેન્ડની ટૂર જોડાયા છે અને વિવિધ સ્થળોની માહિતી લીધી છે.વિવિધ સરકારી પ્રોજેક્ટો અને હેરિટેજ વિલેજની ગુજરાતી પત્રકારોએ માહિતી મેળવી છે. દિમાપુર એરપોર્ટ ખાતે નાગાલેન્ડના પીઆઈબી વિભાગે ગુજરાતના પત્રકારોનું ભવ્ય સ્વાગત કર્યુ હતુ. દેશના પત્રકારો એક બીજા રાજ્યના પત્રકારો અને સ્થાનિક માહિતી અને સંસ્કૃતિથી વાકેફ થઈ શકે તે માટે અમદાવાદ પીઆઈબી દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

## પાટણના હારીજમાં અકસ્માતઃ એક્ટિવા ચાલકને બચાવવા જતાં બસ પલટી, ૨ લોકોના મોત

| પ્રતિનિધિ, પાટણ, તા.૧૯ |

પાટણ જિલ્લાના હારીજ-ચાણસ્મા હાઈવે પર પર લકઝરી બસ પલટી મારી જતાં ૨ લોકોના મોત થયા છે જ્યારે ૧૮ લોકોને ઈજા પહોંચતા સારવાર માટે પહેલા હારીજની સરકારી રેફરલ હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે પાટણની જનતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એક્ટિવા સવાર આડો ઉતરતા આ અકસ્માત સર્જાયો હતો, બસ ચાલકે તેને બચાવવાનો પ્રત્યન કર્યો હતો. જેથી રોડની સાઈડમાં લકઝરી બસ ઉતરી ગઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ, હારીજ-ચાણસ્મા હાઈવે પર્ કોલેજ નજીક એક એક્ટીવા ચાલકને બચાવવા જતાં લકઝરી બસના ડ્રાઈવરે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જે બાદ લકઝરી પલટી મારી ગઈ હતી. જેમાં ૨ લોકો મોતને ભેટયા હતા તો અન્ય ૧૮ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પાંચ ગામ લેઉવા પાટીદારના વડીલ વંદના કાર્યક્રમમાંથી વડીલો લકઝરી બસમાં પરત ફરી રહ્યા હતા ત્યારે ગોઝારો અકસ્માત નડ્યો હતો. અકસ્માત એટલો ભયાવહ હતો કે બસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. મદદ માટે બસની અંદરથી બૂમરાડ મચી હતી, રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા. જેમને ૧૦૮ એમ્બ્યુલન્સ તેમજ પોલીસને ઘટનાની જાણ કરી હતી.

## અમદાવાદમાં નારણપુરાની નેશનલ સ્કૂલ બહાર 3 વિદ્યાર્થી પર છરીથી હુમલો

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ |

અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કરતી એક ચોંકાવનારી ઘટના નારણપુરા વિસ્તારમાં બની છે. સોલા રોડ પરના ભૂયંગદેવ ચાર રસ્તા પાસે આવેલી નેશનલ સ્કૂલની બહાર આજે સવારે ધોરણ ૧૦માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થી સહિત કુલ ૩ વિદ્યાર્થી પર છરી અને લાકડીઓ વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો.

શાળાના ગેટની બહાર થયેલા આ હુમલાને પગલે સ્થાનિકો અને વિદ્યાર્થીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પીડિત વિદ્યાર્થીની ફરિયાદ બાદ પોલીસે ૯ વિદ્યાર્થીઓને રાઉન્ડઅપ કર્યા છે. આ ઘટના અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે અને તમામની પૂછપરછ કરીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.જૂની અદાવત બની હુમલાનું કારણ પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ હુમલા પાછળ ચાર મહિના જૂની અદાવત જવાબદાર છે. શાળામાં જ ભણતા બે વિદ્યાર્થીઓ વચ્ચે અગાઉ કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ જૂની તકરારની અદાવત રાખીને આજે સવારે જ્યારે વિદ્યાર્થી શાળાએ પહોંચ્યો, ત્યારે હુમલાખોર વિદ્યાર્થીએ અન્ય સાથીદારો સાથે મળીને તેના પર હુમલો કર્યો હતો. સામાન્ય બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા હુમલાખોરે છરી કાઢી વિદ્યાર્થી પર ઘા ઝીંકી દીધા હતા.



આંખની આધુનિક સારવાર તરફ વધુ એક પગલું, નગરી હોસ્પિટલમાં ટૂંક સમયમાં વિઝન થેરાપી સેન્ટર શરૂ થશે

# અમદાવાદ શહેરની નગરી આંખની હોસ્પિટલમાં સેવાની સરવાણી I ૩ વર્ષમાં ૫ લાખથી વધુ દર્દીઓની આંખોમાં ઉજાસ

## ૨૦૨૩થી ૨૦૨૫ સુધી આંખની સારવાર અને સેવાના નવા રેકોર્ડ, હોસ્પિટલમાં ૩૯૦૦થી વધુ કેટરેક્ટ સર્જરી

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ I

અમદાવાદ શહેરમાં આંખની સારવાર અને ચક્ષુદાનના ક્ષેત્રે સેવા, સંવેદના અને વિશ્વાસનું પ્રતિબિંબ બની રહેલી શ્રી સી.એચ. નગરી મ્યુનિસિપલ આંખની હોસ્પિટલ આજે માત્ર એક આરોગ્ય સંસ્થા નહીં પરંતુ માનવતાભર્યા સેવાકાર્યનું જીવંત પ્રતિક બની ગઈ છે. નિઃશુલ્ક અને ગુણવત્તાયુક્ત આંખની સારવાર, સફળ સર્જરીઓ અને નિઃસ્વાર્થ ચક્ષુદાનના માધ્યમથી હોસ્પિટલએ હજારો દર્દીઓના જીવનમાં ફરીથી જોવાની ખુશી અને આશાની નવી સવાર લાવી છે. ગરીબ, વંચિત અને જરૂરિયાતમંદ વર્ગ માટે આશાનો દીવો બની રહેલી નગરી આંખ હોસ્પિટલ આજે માત્ર સારવારનું કેન્દ્ર નહીં પરંતુ સમાજમાં દ્રષ્ટિ બચાવવાની અને દ્રષ્ટિદાનની સંવેદનશીલ સંસ્કૃતિ વિકસાવતું પ્રેરણાદાયી સેવા કેન્દ્ર બની છે.





જાન્યુઆરીથી ડિસેમ્બરના સમયગાળા દરમિયાન વર્ષ ૨૦૨૩માં હોસ્પિટલની OPDમાં કુલ ૧,૫૯,૮૫૭ દર્દીઓએ આંખોની સારવાર લીધી હતી.વર્ષ ૨૦૨૪માં આ સંખ્યા વધીને ૧,૬૧,૫૩૮ થઈ હતી, જ્યારે વર્ષ ૨૦૨૫માં નોંધપાત્ર વધારા સાથે કુલ ૧,૭૬,૬૯૯ દર્દીઓએ સારવાર મેળવી હતી.આ વધતી સંખ્યા સ્પષ્ટ કરે છે કે નગરી હોસ્પિટલ શહેર તેમજ આસપાસના વિસ્તારો માટે આંખ સારવારનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની છે.

ચક્ષુદાન ક્ષેત્રે પણ હોસ્પિટલની કામગીરી સમાજ માટે અત્યંત પ્રેરણાદાયી સાબિત થઈ છે. વર્ષ ૨૦૨૩માં ૩૩૨ ચક્ષુદાન થયા હતા,જે ૨૦૨૪માં વધીને ૫૬૩ થયા હતા. વર્ષ ૨૦૨૫માં કુલ ૫૦૫ ચક્ષુદાન દ્વારા અનેક જરૂરિયાતમંદ દર્દીઓને નવી દ્રષ્ટિ પ્રાપ્ત થઈ છે. નિઃસ્વાર્થ ચક્ષુ દાનના આ આંકડાઓ સમાજમાં માનવતા અને સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

કેટરેક્ટ સર્જરીના ક્ષેત્રે શ્રી સી.એચ.નગરી મ્યુનિસિપલ આંખની હોસ્પિટલ સતત સફળતા હાંસલ કરી રહી છે. વર્ષ ૨૦૨૩માં ૩૫૨૯, વર્ષ ૨૦૨૪માં ૩૬૯૩ અને વર્ષ ૨૦૨૫માં કુલ ૩૯૧૮ કેટરેક્ટ ઓપરેશનો નિઃશુલ્ક અને સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. આ સર્જરીઓ ખાસ કરીને આર્થિક રીતે નબળા અને વંચિત વર્ગ માટે દ્રષ્ટિ પુનઃપ્રાપ્ત કરવાની નવી આશા બની છે.

હોસ્પિટલ દ્વારા ભવિષ્યને ધ્યાનમાં રાખીને વધુ આધુનિક સેવાઓ શરૂ કરવાની તૈયારી પણ ચાલી રહી છે. ટૂંક સમયમાં વિઝન થેરાપી સેન્ટર શરૂ કરવામાં આવશે, જેના થકી દર્દીઓને વધુ વિશેષ અને આંખની આધુનિક સારવાર ઉપલબ્ધ બનશે.

નિઃશુલ્ક આંખ સારવાર,સફળ સર્જરીઓ અને માનવતાભર્યા ચક્ષુદાનના કારણે શ્રી સી.એચ. નગરી મ્યુનિસિપલ આંખની હોસ્પિટલ આજે માત્ર આરોગ્ય સંસ્થા નહીં પરંતુ સમાજ માટે પ્રેરણારૂપ સેવા કેન્દ્ર બની ગઈ છે.આંખ બચાવવાની અને આંખોના દાનની સંસ્કૃતિ વિકસાવવામાં નગરી હોસ્પિટલની ભૂમિકા અનન્ય અને પ્રશંસનીય છે.

નાસિક શિરડી જતાં ભાવિકો સહિતના મુસાફરોને હાલાકી વેઠવી પડી

# સાપુતારા અને નાસિક હાઈવે ઉપર 'રસ્તા રોકો' આંદોલન : ત્રીજા દિવસે પણ હજારો લોકો રસ્તા પર

I પ્રતિનિધિ, સાપુતારા, તા.૧૯ I

સાપુતારા-નાસિક નેશનલ હાઈવે પર સતત ત્રીજા દિવસે રસ્તા રોકો આંદોલનને પગલે જનજીવન પ્રભાવિત થયું છે. આદિવાસી સભા દ્વારા આપવામાં આવેલા 'રસ્તા રોકો' આંદોલન કારણે નાસિક શિરડી જતાં ભાવિકો સહિતના મુસાફરોને હાલાકી વેઠવી પડી રહી છે. સાપુતારા-નાસિક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કોમ્યુનિસ્ટ પાર્ટી અને આદિવાસી સભા દ્વારા આપવામાં આવેલા રસ્તા રોકો આંદોલનનો આજે(૧૯ જાન્યુઆરી) ત્રીજો દિવસ છે. વન અધિકાર, સિંચાઈ, રોજગાર અને પેસા એક્ટના કડક અમલીકરણ જેવી વિવિધ માંગણીઓ સાથે હજારો આદિવાસીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે.

ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં પ્રવેશતા પેઠ, ધરમપુર અને સાપુતારા નજીક બોરગાવ ખાતે અચોક્કસ મુદતના ચક્કાજામને કારણે હાઈવે પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. એસટી બસો સહિત નાસિક અને શિરડી તરફ જતાં સેંકડો પ્રવાસીઓ રસ્તામાં અટવાયા છે. સાપુતારા-નાસિક નેશનલ હાઈવે પર સતત ત્રીજા દિવસે રસ્તા રોકો આંદોલનને પગલે જનજીવન પ્રભાવિત થયું છે. આદિવાસી સભા દ્વારા આપવામાં આવેલા 'રસ્તા રોકો' આંદોલન કારણે નાસિક શિરડી જતાં ભાવિકો સહિતના મુસાફરોને હાલાકી વેઠવી પડી રહી છે.

## વડોદરામાં યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલ પાસે બીભત્સ ચેનચાળા કરનાર બાઈક સવાર પકડાયો

I પ્રતિનિધિ, વડોદરા, તા ૧૯ I

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં ગર્લ્સ હોસ્ટેલ પાસે જાહેરમાં વિકૃત હરકત કરનાર બાઈક ચાલકને સયાજીગંજ પોલીસે ઝડપી પાડ્યો છે. ફતેગંજ નરહરી સર્કલ પાસે ગર્લ્સ હોસ્ટેલની બહાર એક બાઈક ચાલક યુવક દ્વારા બીભત્સ ચેનચાળા કરવામાં આવતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો.

જે બાબતે ફતેગંજ પોલીસે તપાસ કરી ગણતરીના કલાકોમાં યુવકને ઝડપી પાડ્યો છે. પકડાયેલા યુવકનું નામ ફિરોજ ગફાર ખલીફા પઠાણ(ક્રિષ્ના પાર્ક સોસાયટી, છાયા પૂરી) હોવાનું ખુલ્યું છે. પોલીસે તેની સામે કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં ગર્લ્સ હોસ્ટેલ પાસે જાહેરમાં વિકૃત હરકત કરનાર બાઈક ચાલકને સયાજીગંજ પોલીસે ઝડપી પાડ્યો છે.

ફતેગંજ નરહરી સર્કલ પાસે ગર્લ્સ હોસ્ટેલની બહાર એક બાઈક ચાલક યુવક દ્વારા બીભત્સ ચેનચાળા કરવામાં આવતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો. જે બાબતે ફતેગંજ પોલીસે તપાસ કરી ગણતરીના કલાકોમાં યુવકને ઝડપી પાડ્યો છે.

## ખોખરામાં ધોળા દિવસે એક મહિલાના ગળામાંથી સોનાનો ચેઈન

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ I

અમદાવાદમાં ચોંકાવનારો કિસ્સો ખોખરા વિસ્તારમાંથી સામે આવ્યો છે. તોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મહિલાની સતર્કતા અને બૂમાબૂમના કારણે ચોર ગભરાઈ ગયો હતો, પરંતુ આરોપી સોનાના ચેઈનનું પેન્ડલ લઈને ભાગવામાં સફળ રહ્યો હતો. આ સમગ્ર ઘટના સોસાયટીના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.ખોખરા વિસ્તારમાં ગોરના કુવા પાસે આવેલા જીવન એપાર્ટમેન્ટમાં રહેતા સ્વાતિબેન દરજી આ ઘટનાના ભોગ બન્યા હતા. સ્વાતિબેન સવારના સમયે ઘરકામ પતાવી નજીકની સ્ટેશનરીની દુકાને પેન લેવા માટે ગયા હતા. જ્યારે તેઓ ખરીદી કરીને પરત પોતાના ફ્લેટ નીચે પહોંચ્યા, ત્યારે અગાઉથી રેકી કરી રહેલા તસ્કરોએ તેમને નિશાન બનાવ્યા હતા. સ્વાતિબેન જ્યારે ફ્લેટના પાર્કિંગ પાસે પહોંચ્યા ત્યારે એક અજાણ્યો શખસ તેમની પાછળ-પાછળ એપાર્ટમેન્ટમાં ઘૂસ્યો હતો. મોકો મળતા જ આ શખસે સ્વાતિબેનના ગળામાં પહેરેલા સોનાના ચેઈન પર ઝાપટ મારી તેને તોડવાનો પ્રયત્ન કર્યો હતો. અચાનક થયેલા હુમલાથી ગભરાવાને બદલે સ્વાતિબેને હિંમત બતાવી બૂમાબૂમ કરી મૂકી હતી અને ચોરનો પ્રતિકાર કર્યો હતો.ઝપાઝપી દરમિયાન સોનાનો દોરો તૂટી ગયો હતો અને તેનું પેન્ડલ નીચે પડ્યું હતું. મહિલાની બૂમો સાંભળી આસપાસના લોકો એકઠા થાય તે પહેલા ચોર નીચે પડેલું પેન્ડલ ઝડપીને ભાગ્યો હતો. સ્વાતિબેને પણ તેની પાછળ પીછો કર્યો હતો, પરંતુ એપાર્ટમેન્ટની બહાર પહેલેથી જ પલ્સર બાઈક લઈને ઉભેલા અન્ય બે સાથીદારો સાથે લૂંટારો ફરાર થઈ ગયો હતો. હાલ ખોખરા પોલીસે સીસીટીવી ફૂટેજ કબજે કરીને અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ખોખરામાં ધોળા દિવસે મહિલાના ગળામાંથી ચેઈન સ્નેચિંગ, સીસીટીવીમાં કેદ થઈ ચોરની કરતૂત






## તંત્રી લેખ..

# ચીનની મોડસ ઓપરેન્ડી

ભારત સાથે લડાખમાં લોહિયાળ જંગ ખેલાયા બાદ ચીનની ખતરનાક વિસ્તારવાદી નીતિ ફરી એકવાર સપાટી પર આવી ગઈ છે. દુનિયાની સામે ચીનની ખતરનાક નિતીનો પર્દાફાશ થયો છે. તેની વિસ્તારવાદી નિતી કેટલાક દેશોમાં જારી રહી છે. ભારતમાં તેને સફળતા મળી રહી નથી. જો કે તે વારંવાર કૃત્યો કરતા રહે છે. વિસ્તારવાદી નિતીને આગળ વધારી દેવા માટે તે ચોક્કસ મોડસ ઓપરેન્ડી ધરાવે છે. જે મુજબ આગળ વધે છે. જેમાં કેટલાક દેશો પહેલાથી જ ફસાઈ ગયા છે. પોતાની ખતરનાક વિસ્તારવાદી નિતી હેઠળ ચીન પડોશી દેશોને જંગી લોન વિકાસના નામે આપે છે અને તેમને ફસાવીને તેમના વિસ્તારો પર કબજો જમાવવા માટે પ્રયાસ કરે છે. તેના આ વલણને અને ઈરાદાને હવે પડોશી દેશો સમજવા લાગ્યા છે અને તેની નીતિથી સાવધાન પણ થઈ રહ્યા છે. જો કે હજુ સુધી ચીને મોટા ભાગના પડોશી દેશો પર પ્રભુત્વ જમાવી લીધુ છે. ચીનનુ વાર્ષિક ઉત્પાદન ભારત કરતા સાત ગણુ વધારે છે અમારા પડોશી દેશોને ઘેરીને તે ભારત પર પ્રભાવ જમાવવાના પ્રયાસમાં રહે છે. અમે આર્થિક રીતે ચીનનો સામનો કરી શકવાની સ્થિતીમાં નથી. અમે ચીનની જેમ પડોશી દેશોની મદદ કરવાની પણ સ્થિતીમાં નથી પરંતુ રાજદ્વારી પ્રયાસો મારફતે ચીનના પ્રભાવમાંથી આ મિત્ર દેશોને બચાવી શકે છે. બીજી બાજુ દક્ષિણ ચીન દરિયામાં તેલ અને ગેસના સંશોધનની બાબત અમારા માટે ખૂબજ મહત્વપૂર્ણ છે. બંગાળના અખાત, હિંદ મહાસાગર અને અરબ સાગરમાં સ્થિત તેલ ભંડારો આપણા દેશની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે નહીં. દક્ષિણ ચીન દરિયામાં તેલની શોધખોળથી અમે અમારી ઉર્જા જરૂરિયાતોને ભવિષ્ય માટે વધુ યોગ્ય બનાવી શકીએ છીએ. તેલ અને ગેસની શોધખોળની સાથે સાથે એક શક્યતા એવી પણ બની શકે છે કે ત્યાં કોઈ નવા પ્રકારના ખનીજ પદાર્થોની શોધ થઈ જાય જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતની ટેકનિક પર વધારે વિશ્વાસ જાગે અને બીજા દેશ ભારતીય કંપનીઓને આમંત્રણ આપે. દક્ષિણ ચીન દરિયામાં તેલની શોધને લઈને ચીનની ઉંઘ હવે હરામ થઈ ગઈ છે. ડ્રેગનની બેચેની પણ દેખાવા લાગી ગઈ છે. આ તમામ મુદ્દે ભારતને પીછેહઠ કરવાના બદલે આગળ વધવાની જરૂર છે. અમે આવું કરવામાં સક્ષમ છીએ કારણ કે અમારી પાસે નવી ટેકનોલોજી છે. ભારતીય વૈજ્ઞાનિક ટેકનોલોજીને સતત વિકસીત કરી રહ્યા છે. આ જ કારણસર ચીન અમારી આ નીતિથી ચિંતાતૂર છે અને દક્ષિણ ચીન દરિયા પર પોતાના પ્રભુત્વ સામે ઉભા થઈ રહેલા ખતરાને લઈને પરેશાન છે. આ ચીનની ગભરામણ છે કે તે ભારતને વિયતનામમાં તેલ અને ગેસ ન શોધવાની ચેતવણી આપી રહી છે. જે ચીનના દરિયાઈ હિસ્સા તરીકે બિલકુલ નથી. આ અમારો આંતરરાષ્ટ્રીય અધિકાર છે જેથી અમે આંતરરાષ્ટ્રીય જળક્ષેત્રમાં કોઈ પણ પ્રકારની શોધખોળ પર કામ કરી શકીએ છીએ. અહીં એક બાબત સમજવી પડશે કે કોઈ અમારા જળક્ષેત્રમાં બહાર કોઈ પણ પ્રકારની શોધખોળ કરે તો અમને કોઈ સમસ્યા થવી જોઈએ નહીં.

# હાર્ટ રોગ : તો વોલ્વ બદલવાની જરૂર

હાર્ટના દર્દીમાં મેકેનિકલ વોલ્વની તુલનામાં ટિસ્યુ વોલ્વ વધારે અસરકારક અને લાભદાયક રહ્યા છે. પ્રથમ વખત દેશમાં ટિસ્યુ વોલ્વના રિજલ્ટ પર ૧૦ જુદી જુદી હોસ્પિટલમાં ૧૦૦ દર્દીઓ પર અભ્યાસ કરવામાં આવ્યા બાદ કેટલીક નવી વિગત સપાટી પર આવી છે. અભ્યાસ બાદ દાવો કરવામાં આવ્યો છે કે કાર્ડિએક સર્જન પરિણામ બાદ કેટલાક તારણ પર પહોંચ્યા છે. ડોક્ટરોનુ કહેવુ છે કે મેકેનિકલ વોલ્વમાં દર્દીને જિન્દગીભર દવા ખાવી પડે છે. પરંતુ ટિસ્યુ વોલ્વમાં છ મહિના બાદ કોઈ પણ પ્રકારની દવા ખાવાની જરૂર પડતી નથી. અભ્યાસથી આ બાબત સાબિત થઈ ગઈ છે કે ટિસ્યુ વોલ્વ ભારતીય દર્દીઓ માટે પણ ફાયદાકારક છે. પશ્ચિમી દર્દીઓને જેટલો ફાયદો થાય છે તેટલો જ ફાયદો આમાં પણ થઈ રહ્યો છે. અભ્યાસમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે કેટલીક વખત બાળપણમાં રીમ્યુટિક ફીવર થઈ જાય છે. આના કારણે જોઈન્ટ અને હાર્ટ વોલ્વ પણ માઠી અસર થાય છે. કેટલીક વખત સમય પર સારવાર ન થવાની સ્થિતીમાં વોલ્વ સંકુચિત થઈ જાય છે. અથવા તો લીક થઈ જાય છે. આવી સ્થિતીમાં પહોંચી ગયા બાદ વોલ્વને બદલી નાંખવાની ફરજ પડે છે. એક મેકેનિકલ જે મેટલ હોય છે અન્ય ટિસ્યુ છે. તે પ્રાણીના ટિસ્યુમાંથી બને છે. તબીબોનુ કહેવુ છે કે મેકેનિકલ વોલ્વની લાઈફ વધારે હોય છે. પરંતુ તેની સાથે સૌથી વધારે મોટી સમસ્યા એ હોય છે કે તેના માટે દર્દીને હમેંશા લોહી પાતલુ કરવા માટે દવા લેવી પડે છે. સાથે સાથે દરેક મહિનામાં ટેસ્ટ કરવાની ફરજ પડે છે. જેથી દર્દીને ખુબ પરેશાની થાય છે. ખાસ કરીને જે દર્દી ગ્રામીણ વિસ્તારમાં અથવા તો દુરગામી વિસ્તારમાં રહે છે તેમને મુશ્કેલી થાય છે. જો આવા દર્દી દવા પર નિર્ભર છે તો સમગ્ર લાઈફ દરમિયાન દવા લઈ શકતા નથી. દર મહિને જરૂરી ટેસ્ટ પણ કરાવી શકતા નથી. તેમની સમસ્યા વધતી જાય છે. ગામ અથવા તો શહેરોમાં બ્લડ ટેસ્ટ રિપોર્ટ ખોટા આપી દેવામાં આવે છે ત્યારે પરેશાની વધી જાય છે. તબીબોએકહ્યુ છે કે ત્યાંના રિપોર્ટને સંપૂર્ણ રીતે વિશ્વાસપાત્ર ગણી શકાય નહીં. તબીબો કહે છે કે બીજી પ્રક્રિયા ટિસ્યુ વોલ્વની છે. તે ખુબ સુરક્ષિત છે. સર્જરીના છ મહિના બાદ સુધી દવા લેવાની જરૂર હોય છે. ત્યારબાદ દર્દીને કોઈ પણ પ્રકારની દવાની જરૂર હોતી નથી. સાથે સાથે કોઈ પણ પ્રકારની દર મહિને પોતાના બ્લડની તપાસની જરૂર પણ હોતી નથી. બ્લડ પાતલુ છે કે પછી જાડુ છે તે બાબત જાણવાની પણ જરૂર નથી. જો કે અમારી સામે કેટલાક પડકારો એ હોય છે કે શુ ટિસ્યુ વોલ્વ ભારતીય દર્દી માટે યોગ્ય છે. વિદેશમાં દર્દી પર આને લઈને અભ્યાસની કામગીરી સફળ સાબિત થઈ રહી છે. જેથી ભારતમાં ૧૦ સેન્ટરોમાં અભ્યાસ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

**વિશેષ**

લેખક : પીયૂષ ગોયલ

### ભારત આજે વિશ્વની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમમાંની એક છે

**ઉદ્યોગસાહસિકતા એક રાષ્ટ્રવ્યાપી ચળવળ બની ગઈ છે, જે ભારતના આર્થિક લેન્ડસ્કેપને ફરીથી આકાર આપી રહી છે અને વિકાસ અને રોજગાર સર્જનનું નવું એન્જિન બની રહી છે । આ પરિવર્તન રાતોરાત થયું નથી. જ્યારે પ્રધાનમંત્રીએ ૨૦૧૫માં સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લાની પ્રાચીરથી સ્ટાર્ટઅપ ઇન્ડિયાની જાહેરાત કરી હતી**

# નવીનતા, સમાવેશ અને ભારતની પ્રગતિને આગળ ધપાવે છે સ્ટાર્ટઅપ

**૧૬ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ દ્વારા લોન્ચ થયા પછી સ્ટાર્ટઅપ ઇન્ડિયાએ ઘણો લાંબો રસ્તો કાઢ્યો છે**

સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ દેશભરમાં એક સર્વાંગી અને નવીન ઈકોસિસ્ટમમાં વિકસિત થઈ છે. યુવાનોની ઉદ્યોગસાહસિક ઊર્જાને રોજગાર સર્જન અને આર્થિક વિકાસને વેગ આપવા માટે, તે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારત ૨૦૪૭ના મિશનને સાકાર કરવાનો માર્ગ મોકળો કરી રહી છે.ભારત આજે વિશ્વની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાંની એક છે. ઉદ્યોગસાહસિકતા એક રાષ્ટ્રવ્યાપી ચળવળ બની ગઈ છે, જે ભારતના આર્થિક લેન્ડસ્કેપને ફરીથી આકાર આપી રહી છે અને વિકાસ અને રોજગાર સર્જનનું નવું એન્જિન બની રહી છે.આ પરિવર્તન રાતોરાત થયું નથી. જ્યારે પ્રધાનમંત્રીએ ૨૦૧૫માં સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લાની પ્રાચીરથી સ્ટાર્ટઅપ ઈન્ડિયાની જાહેરાત કરી હતી, ત્યારે તેમણે દેશના દરેક જિલ્લા અને દરેક બ્લોક સુધી પહોંચવા માટે એક સ્પષ્ટ અને મહત્વાકાંક્ષી દૃષ્ટિકોણ રજૂ કર્યો હતો.૧૬ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ દ્વારા લોન્ચ થયા પછી સ્ટાર્ટઅપ ઈન્ડિયાએ ઘણો લાંબો રસ્તો કાઢ્યો છે. સ્ટાર્ટઅપ્સ દેશના અર્થતંત્રના ઘણા મુખ્ય ક્ષેત્રોને પુનર્જીવિત કરી રહ્યા છે. આઈટી સેવાઓ, આરોગ્યસંભાળ અને જીવન વિજ્ઞાન, શિક્ષણ, કૃષિ અને ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં સૌથી વધુ સંખ્યામાં સ્ટાર્ટઅપ્સ સક્રિય છે. વધુમાં, ક્લાયમેટ ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત ૫૦થી વધુ અન્ય ઉદ્યોગોમાં નવા સાહસો ઉભરી આવ્યા છે. આ વ્યાપકતા વિવિધ ક્ષેત્રોમાં નવીનતા અને શક્તિને પ્રતિબિંબિત કરે છે, ખાસ કરીને રાષ્ટ્રીય વિકાસ પ્રાથમિકતાઓ માટે મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં છે.નવીનતા અને એઆઈ: છેલ્લા દાયકામાં એક મોટો ફેરફાર નવીનતા અને એઆઈ પર વધતું ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ ૨૦૧૫માં ૮૧મા ક્રમે હતો તે ગયા વર્ષે ૩૮મા ક્રમે પહોંચ્યો છે અને ડીપ ટેકનોલોજી સ્ટાર્ટઅપ્સ માટે સરકારી સમર્થન આમાં વધુ સુધારો કરશે. પ્રધાનમંત્રીની ડિજિટલ ઈન્ડિયા પહેલને કારણે એઆઈ સ્ટાર્ટઅપ્સની સંખ્યા ઝડપથી વધી રહી છે.પ્રધાનમંત્રીના ટેકનોલોજી-સઘન રાષ્ટ્ર બનાવવાના વિઝનના ભાગ રૂપે, નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન ફોર રિસર્ચની સ્થાપના કરવામાં આવી છે અને ઈન્ડિયા એઆઈ મિશન અને રિસર્ચ, ડેવલપમેન્ટ એન્ડ ઈનોવેશન સ્કીમ શરૂ કરવામાં આવી છે. ભારતીય સ્ટાર્ટઅપ્સ એરોનોટિક્સ, એરોસ્પેસ અને ડિફેન્સ, રોબોટિક્સ, ગ્રીન ટેકનોલોજી, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ અને સેમિકન્ડક્ટર્સ જેવા ક્ષેત્રોમાં પણ નવીનતા લાવી રહ્યા છે. બૌદ્ધિક સંપત્તિ નિર્માણમાં ઝડપી વૃદ્ધિ આ વલણને વધુ મજબૂત બનાવે છે. ભારતીય સ્ટાર્ટઅપ્સે ૧૬,૪૦૦થી વધુ નવી પેટન્ટ અરજીઓ ફાઈલ કરી છે, જે મૂળભૂત નવીનતા, લાંબા ગાળાના મૂલ્ય નિર્માણ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા પર વધતા ધ્યાનને પ્રતિબિંબિત કરે છે.અખિલ ભારતીય વિકાસ: ઉદ્યોગસાહસિકતા માટે રાષ્ટ્રવ્યાપી સમર્થન એટલું જ મહત્વપૂર્ણ છે. ૨૦૧૬માં ફક્ત ચાર રાજ્યોમાં સ્ટાર્ટઅપ નીતિઓ હતી, જ્યારે આજે ભારતમાં ૩૦થી વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સમર્પિત સ્ટાર્ટઅપ ફ્રેમવર્ક છે. હવે, દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં ડ્ઢૈૈં-માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ છે, જે સંસ્થાકીય સમર્થન અને પાયાના સ્તરની ભાગીદારીની શક્તિને પ્રતિબિંબિત કરે છે.અત્યાર સુધીમાં ૨૦૦,૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા આપવામાં આવી છે, જે નીતિ-સંચાલિત ઈકોસિસ્ટમમાં એક દાયકાના સતત વિકાસને પ્રતિબિંબિત કરે છે. ફક્ત ૨૦૨૫માં ૪૯,૪૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા આપવામાં આવી હતી, જે સ્ટાર્ટઅપ ઈન્ડિયાની સ્થાપના પછીનો સૌથી વધુ વાર્ષિક વિકાસ છે.સમાવેશ આ યાત્રાનો મજબૂત આધારસ્તંભ રહ્યો છે. મહિલા-આગેવાની હેઠળના સાહસો એક મુખ્ય બળ તરીકે ઉભરી આવ્યા છે, ૪૫ ટકાથી વધુ માન્ય સ્ટાર્ટઅપ્સમાં ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર છે. વધુમાં, લગભગ અડધા સ્ટાર્ટઅપ્સ નોન-મેટ્રો શહેરોમાં સ્થિત છે, જે નવીનતા અને રોજગારના નવા કેન્દ્ર તરીકે ટાયર-૨ અને ટાયર-૩ શહેરોની વધતી ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે.લોકલથી ગ્લોબલ: જેમ જેમ ભારતીય સ્ટાર્ટઅપ્સ વિસ્તરે છે, તેમ તેમ સમગ્ર વિશ્વ તેમનું બજાર બની રહ્યું છે. તેમની વૈશ્વિક મહત્વાકાંક્ષાઓને ટેકો આપવા માટે, સ્ટાર્ટઅપ ઈન્ડિયાએ




મજબૂત આંતરરાષ્ટ્રીય ભાગીદારી બનાવી છે. હવે ૨૧ આંતરરાષ્ટ્રીય પુલ અને ૨ વ્યૂહાત્મક જોડાણો છે, જે યુકે, જાપાન, દક્ષિણ કોરિયા, સ્વીડન અને ઈઝરાયલ સહિત મુખ્ય અર્થતંત્રોમાં બજાર ઍક્સેસ, સહયોગ અને વિસ્તરણને સરળ બનાવે છે. અત્યાર સુધીમાં ૮૫૦થી વધુ સ્ટાર્ટઅપ્સને આ પહેલનો લાભ મળ્યો છે.સ્વીડન, સ્વિટ્ઝર્લેન્ડ, ન્યુઝીલેન્ડ અને ઈઝરાયલની મારી તાજેતરની મુલાકાતો દરમિયાન ભારતના વ્યાપાર પ્રતિનિધિમંડળનો મુખ્ય ભાગ સ્ટાર્ટઅપ્સ હતા. આ પહેલોએ વૈશ્વિક પ્લેટફોર્મ પર ભારતીય નવીનતા પ્રદર્શિત કરવાની તક પૂરી પાડી, સાથે સાથે આપણા ઉદ્યોગસાહસિકોને વિકસિત અર્થતંત્રોના નવીનતા અને વ્યવસાયિક પદ્ધતિઓનો પરિચય પણ કરાવ્યો.સુધારા અને બજાર ઍક્સેસ: વ્યવસાય કરવાની સરળતામાં સુધારો આ વૃદ્ધિને સક્ષમ બનાવવામાં મુખ્ય આધારસ્તંભ રહ્યો છે. પાત્ર સ્ટાર્ટઅપ્સ તેમના પ્રથમ દસ વર્ષમાંથી કોઈપણ સતત ત્રણ વર્ષ માટે કર રજાઓનો લાભ લઈ શકે છે. આજની તારીખમાં ૪,૧૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સને પાત્રતા પ્રમાણપત્રો પ્રાપ્ત થયા છે.૬૦થી વધુ નિયમનકારી સુધારાઓએ પાલનનો બોજ ઘટાડ્યો છે, મૂડી એકત્ર કરવાનું સરળ બનાવ્યું છે અને સ્થાનિક સંસ્થાકીય રોકાણને મજબૂત બનાવ્યું છે. એન્જલ ટેક્સ નાબૂદ કરવા અને વૈકલ્પિક રોકાણ ભંડોળ માટે લાંબા ગાળાના મૂડી માર્ગો ખોલવાથી સ્ટાર્ટઅપ ભંડોળ ઈકોસિસ્ટમ વધુ મજબૂત બની છે. બજાર ઍક્સેસને પ્રાથમિકતા આપવામાં આવી છે. સરકારી ઈ-માર્કેટપ્લેસ દ્વારા ૩૫,૭૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સને ઓનબોર્ડ કરવામાં આવ્યા છે, જેમને ૫૧,૨૦૦ કરોડથી વધુ મૂલ્યના પાંચ લાખથી વધુ ઓર્ડર પ્રાપ્ત થયા છે. આ પ્રયાસો સાથે મજબૂત નાણાકીય સહાય પણ મળી છે. ફંડ ઓફ ફંડ્સ ફોર સ્ટાર્ટઅપ્સ યોજના હેઠળ, વૈકલ્પિક રોકાણ ભંડોળ દ્વારા ૨૫,૫૦૦ કરોડથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે.



**વિશેષ**

લેખક : વરુણ અધિકારી

### ટનલ ડિઝાઇન સલાહકાર અને ભૂસ્તરશાસ્ત્રી તરીકે, ભૂસ્તરશાસ્ત્ર મુશ્કેલ પણ સમજી શકાય તેવું હતું

**નિર્ણય લેવાની સત્તા મંત્રાલયો, રાજ્ય વિભાગો અને એજન્સીઓ વચ્ચે વિભાજિત થઈ ગઈ હતી । ધીમે ધીમે, એક ચિંતાજનક વાસ્તવિકતા સ્પષ્ટ થઈ : એવું લાગતું હતું કે કોઈને ખરેખર નજીકના ભવિષ્યમાં પ્રોજેક્ટ પૂર્ણ થવાની અપેક્ષા નહોતી । વરિષ્ઠ અધિકારીઓ અસામાન્ય નિયમિતતા સાથે સાઇટ્સની મુલાકાત લેવા લાગ્યા**

# કાર્યયોજનાથી નિર્ણયના કેન્દ્ર સુધી : મિઝોરમમાં પ્રગતિ અને રેલ માળખાગત સુવિધાઓ

**આસપાસની ટેકરીઓ નાની, કમજોર અને અસ્થિર હતી, જે ભારે વરસાદ અને વારંવાર ઢોળાવના કારણે સર્જાઈ**

જ્યારે હું ૨૦૧૫માં બૈરાબી-સૈરાંગ રેલવે પ્રોજેક્ટમાં જોડાયો, ત્યારે એવું લાગ્યું કે હું દેશના એવા ભાગમાં પહોંચી ગયો છું જે ભાગ્યે જ રાષ્ટ્રીય સ્તરે ધ્યાન આપવામાં આવ્યું હશે. આ યાત્રા તેની પોતાની કહાની કહે છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧૫૪, જે હવે NH-૦૬ છે, એકમાત્ર પ્રવેશ માર્ગ છે, તે અત્યંત ખરાબ અને અવિશ્વસનીય હતો. ભારે ટ્રકો ઘણીવાર દિવસો સુધી ફસાયેલા રહેતા હતા, અને ઉબડખાબડ મુસાફરી સાઈટ મુલાકાતોનો દૈનિક ભાગ બની ગઈ હતી. આસપાસની ટેકરીઓ નાની, કમજોર અને અસ્થિર હતી, જે ભારે વરસાદ અને વારંવાર ઢોળાવના કારણે સર્જાઈ હતી. કાગળ પર, આ પ્રોજેક્ટ ઐતિહાસિક હતો, મિઝોરમનો રાષ્ટ્રીય નેટવર્ક સાથેનો પ્રથમ રેલ-પરિવહન જોડાણ, જે પર્વતો, ઢોળાવ અને ઊંડી ખીણોમાંથી પસાર થતો હતો.જોકે, જમીન પર કામ ખૂબ જ ધીમું હતું. માલ-સામાનની અછત, મજૂરોની અછત, પરિવહનમાં વિલંબ, સ્થાનિક સંઘર્ષો અને સતત વિલંબિત નિર્ણયોને કારણે ઘણીવાર સ્થળ પર કામ અટકવું એ સામાન્ય



વાત હતી. ટનલ ડિઝાઈન સલાહકાર અને ભૂસ્તરશાસ્ત્રી તરીકે, ભૂસ્તરશાસ્ત્ર મુશ્કેલ પણ સમજી શકાય તેવું હતું. જે વધુ પડકારજનક સાબિત થયું તે સંસ્થાકીય ધીમી ગતિ હતી. આ પ્રોજેક્ટ દેશની સીમા પર સ્થિત હતો. સમીક્ષાઓ ભાગ્યે જ થતી હતી. નિર્ણય લેવાની સત્તા મંત્રાલયો, રાજ્ય વિભાગો અને એજન્સીઓ વચ્ચે વિભાજિત થઈ ગઈ હતી. ધીમે ધીમે, એક ચિંતાજનક વાસ્તવિકતા સ્પષ્ટ થઈ: એવું લાગતું હતું કે કોઈને ખરેખર નજીકના ભવિષ્યમાં પ્રોજેક્ટ પૂર્ણ થવાની અપેક્ષા નહોતી. પછી, શાંતિથી અને કોઈપણ જાહેરાત વિના, સિસ્ટમ ઝડપી થઈ ગઈ. પ્રોજેક્ટ ઓફિસમાં તાકીદની લાગણી સ્પષ્ટ થઈ ગઈ. ફોન વધુ વારંવાર વાગવા લાગ્યા. વરિષ્ઠ અધિકારીઓ અસામાન્ય નિયમિતતા સાથે સાઈટ્સની મુલાકાત લેવા લાગ્યા. લાંબા સમયથી પેન્ડિંગ ફાઈલો તાત્કાલિક મેળવવામાં આવી, સમીક્ષા કરવામાં આવી અને પ્રસારિત કરવામાં આવી. મીટિંગ્સ ઝડપથી શેડ્યૂલ કરવામાં આવી, જેમાં ઘણીવાર એવી એજન્સીઓ સામેલ હતી જે અગાઉ એકલા કામ કરતી હતી.એક ખાનગી સલાહકાર તરીકે, હું વહીવટી વિભાગનો ભાગ નહોતો, અને કોઈએ પણ આ અચાનક પ્રવૃત્તિના ઉછાળાનું કારણ સમજાવ્યું ન હતું. પરંતુ મોટા માળખાગત પ્રોજેક્ટ્સ પરના મારા લાંબા અનુભવે મને સંકેતોને ઓળખવાનું શીખવ્યું. આ નિયમિત દબાણ નહોતું. આ ઉચ્ચતમ સ્તર પર ચકાસણી માટે તૈયારી હતી.કારણ ટૂંક સમયમાં સ્પષ્ટ થઈ ગયું: પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં પ્રોએક્ટિવ ગવર્નન્સ એન્ડ ટાઈમલી ઈમ્પ્લીમેન્ટેશન (પ્રગતિ) ફોરમ હેઠળ બૈરાબી-સૈરાંગ રેલ્વે પ્રોજેક્ટની સમીક્ષા કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ લાંબા સમયથી બાજુ પર રાખવામાં આવ્યો હતો, પરંતુ પ્રગતિ હેઠળની સમીક્ષાએ સત્તા અને જવાબદારી સ્થાપિત કરી અને એજન્સીઓ વચ્ચેના દરેક પડતર મુદ્દા અને અવરોધોની વાસ્તવિક સમયની ચકાસણી પૂરી પાડી. આ બેઠક પછી, નિર્ણયો એકરૂપ થવા લાગ્યા, અને પ્રગતિ દેખાઈ, જે દર્શાવે છે કે શાસન ઘણીવાર પરિણામોને કેવી રીતે નિર્ધારિત કરે છે.માર્ચ ૨૦૧૬ ની પ્રગતિ સમીક્ષા બેઠકે પ્રોજેક્ટની દિશા સંપૂર્ણપણે બદલી નાખી. આ માળખા હેઠળ, સમસ્યાઓને હવે એકલા અથવા અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી શકાતી નથી. NH-૦૬ ની ખૂબ જ ખરાબ સ્થિતિને હવે રેલવે કાર્યથી અલગ ગણવામાં આવતી નથી. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયને સ્પષ્ટ સમયરેખા અને સતત દેખરેખ સાથે સમારકામ અને સુધારણા કાર્ય હાથ ધરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો હતો. જમીન સંપાદનમાં વિલંબને હવે સરળ વહીવટી અવરોધ માનવામાં આવતો નથી, અને મિઝોરમ સરકારને ઉકેલને ઝડપી બનાવવા અને પ્રગતિ પર દેખરેખ રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. કાયદો અને વ્યવસ્થાના મુદ્દાઓને ઔપચારિક રીતે પૂર્ણ થવા માટેના ગંભીર જોખમ તરીકે ઓળખવામાં આવ્યા હતા અને નજીકથી દેખરેખ રાખવામાં આવી હતી.

# ભારતીય કૃષિમાં માટીના સ્વાસ્થ્ય અને ટકાઉ પાક ઉત્પાદકતા માટે સંકલિત પોષક તત્વોનું સંચાલન



**વિશેષ**

લેખક : કંચેતી મૃણાલિની

દાયકાઓથી, ભારતીય કૃષિનો ઇતિહાસ જબરદસ્ત વિકાસનો રહ્યો છે. પરંતુ આ પ્રગતિ આપણા સૌથી કિંમતી સંસાધન - માટી - ના ભોગે આવી છે. આજે જ્યારે આપણે વધતી વસ્તી અને બદલાતી આબોહવા - બેવડા પડકારોનો સામનો કરી રહ્યા છીએ, ત્યારે રાસાયણિક ખાતરો માટે "જેટલું વધું, તેટલું સારું" એવો અભિગમ અસરકારક રહ્યો નથી. આપણી લાંબા ગાળાની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, ભારતે સંકલિત પોષક વ્યવસ્થાપન (INM) તરફ આગળ વધવું જોઈએ. સંકલિત પોષક વ્યવસ્થાપન એ એક સર્વાંગી વ્યૂહરચના છે જે આધુનિક વિજ્ઞાનને પરંપરાગત જ્ઞાન સાથે જોડીને જમીનની ફળદ્રુપતા પુનઃસ્થાપિત કરે છે.

**પોષક તત્વોની ઉણપનું સંકટ**

નાના અને સીમાંત જમીન ધારણાઓ અને નાઈટ્રોજન આધારિત રાસાયણિક ખાતરો પર વધુ પડતી નિર્ભરતા ભારતીય કૃષિના લક્ષણો રહ્યા છે. વર્ષોથી અસંતુલિત ઉપયોગ અને સતત મોનોકલ્ચરને કારણે જમીનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આપણે હવે "બહુવિધ પોષક તત્વોની ઉણપ"ની સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ, જેના કારણે સલ્ફર, ઝીંક અને બોરોન જેવા ગૌણ અને સૂક્ષ્મ પોષક તત્વોમાં ગંભીર ઉણપ થાય છે.

જ્યારે માટીનું સ્વાસ્થ્ય બગડે છે, ત્યારે "પરિબળ ઉત્પાદકતા" પણ ઘટી જાય છે - એટલે કે ખેડૂતોને ઓછા ખાતરથી અગાઉ મેળવેલી ઉપજ મેળવવા માટે વધુ ખાતરનો



ઉપયોગ કરવો પડે છે. ખાતરના ઉપયોગનું આ ચક્ર ઉત્પાદન ખર્ચમાં વધારો કરે છે અને પાકને અનિયમિત વરસાદ અને દુષ્કાળની પરિસ્થિતિઓ માટે વધુ સંવેદનશીલ બનાવે છે જે ભારતના વાતાવરણમાં વધુને વધુ સામાન્ય બની રહ્યા છે.

**સંકલિત પોષક તત્વોનું સંચાલન શું છે?**

INMનો અર્થ આધુનિક ખાતરોનો ઉપયોગ છોડી દેવાનો નથી, પરંતુ તેમને જૈવિક અને જીવ વિજ્ઞાન સંબંધી સ્રોત સાથે જોડીને તેનો વધુ સમજદારીપૂર્વક ઉપયોગ કરવાનો છે. તે જમીન માટે એક સંતુલિત "આહાર" જેવું છે, જેમાં સામેલ છે:

રાસાયણિક ખાતરો: જમીનની વાસ્તવિક જરૂરિયાતોના આધારે યોગ્ય માત્રામાં ઉપયોગ કરવામાં આવે છે.

જૈવિક ખાતરો: ખેતરના ખાતર (FYM), કમ્પોસ્ટ, વર્મીકમ્પોસ્ટ અને ગ્રીન ખાતરનો ઉપયોગ કરવો.

બાયો ફર્ટિલાઈઝર: નાઈટ્રોજનના સ્તરને કુદરતી રીતે સુધારવા અને ફોસ્ફરસને દ્રાવ્ય બનાવવા માટે રાઈઝોબિયમ, એઝોટોબેક્ટર અને માયકોરાઈઝી જેવા ફાયદાકારક સૂક્ષ્મજીવાણુઓનો ઉપયોગ કરવો.

પાકના અવશેષો: ખેતી કરેલી સામગ્રીનું રિસાયક્લિંગ અને તેમને જમીનમાં ફરી પરત મેળવી દેવા.

**માટીની તંદુરસ્તીનો આધાર**

INM કેમ અસરકારક છે તે સમજવા માટે, આપણે માટી સ્વાસ્થ્યના ત્રણ મુખ્ય પાયા જોવાની જરૂર છે - ભૌતિક, રાસાયણિક અને જૈવિક.

૧. ભૌતિક: દ્વસ માટીની રચના અને પાણી જાળવી રાખવાની ક્ષમતામાં સુધારો કરે છે. વરસાદ આધારિત ખેતીમાં ખેડૂતો માટે, આનો અર્થ એ છે કે માટી સ્પોન્જની જેમ કાર્ય કરે છે અને સૂકા સમયગાળા દરમિયાન લાંબા સમય સુધી ભેજ જાળવી રાખે છે.

૨. રાસાયણિક: તે ઁઁ સ્તરને સંતુલિત કરે છે અને ખાતરી કરે છે કે મેક્રો- અને સૂક્ષ્મ પોષકતત્ત્વો જમીનમાં ફસાયેલા રહેવાને બદલે અથવા ધોવાઈ જવાને બદલે ખરેખર છોડના મૂળ સુધી પહોંચે.

૩. જૈવિક: કદાચ સૌથી અગત્યનું, INM માઈક્રોબાયલ વિવિધતા અને અળસિયાની વસ્તીમાં વધારો કરે છે. આ "નાના ઈજનેરો" ચોખા-ઘઉં અથવા શેરડીના બેલ્ટ જેવા સઘન પ્રણાલીઓમાં પોષક સાયકલિંગ અને ઉત્પાદકતા જાળવવા માટે મહત્વપૂર્ણ છે.

**ભારતીય ખેડૂતો માટે શ્રેષ્ઠ પદ્ધતિઓ**

INMને પ્રયોગશાળામાંથી ખેતરમાં સ્થાનાંતરિત કરવા માટે વ્યવહારુ અને સ્થળ-વિશિષ્ટ વ્યૂહરચનાઓની જરૂર છે. સોઈલ હેલ્થ કાર્ડ યોજના જેવી રાષ્ટ્રીય પહેલો પહેલાથી જ અનુમાન કરવાને બદલે વાસ્તવિક માટી પરીક્ષણોના આધારે ખાતરના ઉપયોગની ભલામણ કરીને આગળ વધવાનો માર્ગ બતાવી રહી છે.

મુખ્ય વ્યવસ્થાપન પદ્ધતિઓમાં પાકના વિકાસના મહત્વપૂર્ણ તબક્કાઓ અનુસાર તબક્કાવાર નાઈટ્રોજન એપ્લિકેશન અને નીમ-કોટેડ યુરિયા જેવા ધીમા-પ્રકાશન વિકલ્પોનો ઉપયોગ સામેલ છે. ચોખામાં પાંદડાના રંગ ચાર્ટ (LCC) જેવી સરળ અને ઓછી કિંમતની પદ્ધતિઓ ખેડૂતોને યુરિયા ક્યારે લાગુ કરવું તે નક્કી કરવામાં મદદ કરે છે, બગાડ અને પર્યાવરણીય અસર ઘટાડે છે. વધુમાં, પાક પ્રણાલીમાં કઠોળનો સમાવેશ કરવાથી કુદરતી રીતે નાઈટ્રોજન ફિક્સેશનમાં વધારો થઈ શકે છે, જેનાથી એકંદર સિસ્ટમ ઉત્પાદકતામાં ફાયદો થાય છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

### ભારતના પ્રથમ ગ્રીન વિલેજમાં કુદરતી સૌંદર્યનું અનોખું વાતાવરણ : આ ગામ વાંસ અને શેરડી વણાટની કળામાં તેના મુખ્ય કારીગર માટે પણ પ્રખ્યાત

# નાગાલેન્ડનું ખોનોમા ગામમાં શુદ્ધ કુદરતી ઓક્સિજનનો ખજાનો

## નાગાલેન્ડના પહાડી વિસ્તારમાં આવેલ આ ગામ પ્રવાસીઓની પહેલી પસંદગી બન્યું : કુદરતી પ્રકૃતી પ્રેમીઓ માટે ફરવાનું અદભૂત સ્થળ બન્યું

। પ્રતિનિધિ, કોહિમા , તા.૧૯ ।

નાગાલેન્ડનું ખોનોમા ગામમાં શુદ્ધ કુદરતી ઓક્સિજનનો ખજાનો છે, અહીંની હવા એટલી શુદ્ધ છે કે લોકો અહીં પ્રફુલિત બની જાય છે. નાગાલેન્ડના પહાડી વિસ્તારમાં આવેલ આ ગામ પ્રવાસીઓની પહેલી પસંદગી બન્યું છે, સાથે સાથે કુદરતી પ્રકૃતી પ્રેમીઓ માટે ફરવાનું અદભૂત સ્થળ બન્યું છે. ભારતના પ્રથમ ગ્રીન વિલેજમાં કુદરતી સૌંદર્યનું અનોખું વાતાવરણ લોકોનું ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ગામ વાંસ અને શેરડી વણાટની કળામાં તેના મુખ્ય કારીગર માટે પણ પ્રખ્યાત છે.

કોહિમા ગામ ગ્રીન વિલેજ એ એક માનવ વસાહત છે જે તેના રહેવાસીઓને મહત્તમ કુદરતી સંસાધનોનો ઉપયોગ કરીને સારી ગુણવત્તાનું જીવન જીવવા દે છે. ભારત-મ્યાનમાર સરહદની નજીક આવેલું, નાગાલેન્ડનું ખોનોમા ભારતનું એક એવું ગામ છે. સરકારે ૨૦૦૫ માં ખોનોમાનું ઉદ્ઘાટન કર્યું હતું અને ઔપચારિક રીતે દેશનું પ્રથમ ગ્રીન વિલેજ જાહેર કરવામાં આવ્યું હતું. ખોનોમાનું નામ ખ્વુનો પરથી રાખવામાં આવ્યું છે, જે એક નાનો છોડ છે જે ગામની આસપાસ પુષ્કળ પ્રમાણમાં ઉગે છે. આ વિસ્તારના પ્રાથમિક રહેવાસીઓ અંગામી જાતિઓ છે, જેઓ તેમની બહાદુરી અને લડાયક પરાક્રમ માટે જાણીતા છે. આ ગામ વાંસ અને શેરડી વણાટની કળામાં તેના મુખ્ય કારીગર માટે પણ પ્રખ્યાત છે.

અહીં અગાઉ પરંપરાગત જીવનશૈલીનો મુખ્ય ભાગ હતો, ૧૯૯૮ થી આ વિસ્તારમાં સખત પ્રતિબંધિત છે. આજીવિકા અને પર્યાવરણીય સંરક્ષણ કેવી રીતે સાથે રહી શકે છે તેના ઉદાહરણ તરીકે, આજે આ સમુદાય ખેતી, પશુધન અને વન સંસાધનોના ઉછેરથી સમૃદ્ધ થાય છે.


અહીંના લોકોની ગ્રીન પહેલ માટે જાણીતા હોવા ઉપરાંત, ખોનોમાને ભારતના સૌથી સુરક્ષિત ગામોમાંનું એક પણ માનવામાં આવે છે. બહાદુર સ્થાનિક લોકો પરસ્પર આદર અને સાંપ્રદાયિક શિસ્તના વિચારને સમર્થન આપે છે. તેઓ હજુ પણ કડક નૈતિક ધોરણોનું પાલન કરે છે જે તેમના સમુદાયમાં શાંતિ અને સલામતીની ખાતરી આપે છે.

અહીંના લોકો ચોરી કે લૂંટની ચિંતા કર્યા વિના તેમના ઘરો અને વ્યવસાયોને તાળા મારતા નથી અને તેમને અડ્યા વિના છોડતા નથી. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ, ૪૨૪ પરિવારો ધરાવતા આ ગામમાં અખંડિતતાની એક અનોખી સંસ્કૃતિ છે જે સમય જતાં ટકી રહી છે.

આજે ખોનોમા ગામમાં પ્રવાસીઓને ફક્ત લીલા વાતાવરણ અને અદભુત દૃશ્યો સિવાય બીજું ઘણું બધું માણે છે. સમુદાય તેની આસપાસના વાતાવરણ સાથે શાંતિથી કેવી રીતે સહઅસ્તિત્વ કરી શકે છે તે શીખવામાં રસ ધરાવતા કોઈપણ વ્યક્તિ આ ખુલ્લા વર્ગખંડમાં હાજરી આપવા માટે આવકાર્ય છે.પછી ભલે તે સમુદાય દ્વારા સંરક્ષિત જંગલ હોય, તેના રહેવાસીઓનો દયાળુ સ્વભાવ હોય કે ગામનો ઈકોટુરિઝમ મોડેલ તરીકેનો દરજ્જો હોય, ખોનોમા એક એવું સ્થળ છે જે અહીં આવનાર દરેક વ્યક્તિ પર છાપ પાડશે. નાગાલેન્ડનું ખોનોમા ગામમાં શુદ્ધ કુદરતી ઓક્સિજનનો ખજાનો છે, અહીંની હવા એટલી શુદ્ધ છે કે લોકો અહીં પ્રફુલિત બની જાય છે. નાગાલેન્ડના પહાડી વિસ્તારમાં આવેલ આ ગામ પ્રવાસીઓની પહેલી પસંદગી બન્યું છે, સાથે સાથે કુદરતી પ્રકૃતી પ્રેમીઓ માટે ફરવાનું અદભૂત સ્થળ બન્યું છે. ભારતના પ્રથમ ગ્રીન વિલેજમાં કુદરતી સૌંદર્યનું અનોખું વાતાવરણ લોકોનું ધ્યાન કેન્દ્રિત કરે છે.

### ભારતના પ્રથમ ગ્રીન વિલેજમાં કુદરતી સૌંદર્યનું અનોખું વાતાવરણ લોકોનું ધ્યાન કેન્દ્રિત કરે છે





આ ગામ વાંસ અને શેરડી વણાટની કળામાં તેના મુખ્ય કારીગર માટે પણ પ્રખ્યાત છે. કોહિમા ગામ ગ્રીન વિલેજ એ એક માનવ વસાહત છે જે તેના રહેવાસીઓને મહત્તમ કુદરતી સંસાધનોનો ઉપયોગ કરીને સારી ગુણવત્તાનું જીવન જીવવા દે છે. ભારત-મ્યાનમાર સરહદની નજીક આવેલું, નાગાલેન્ડનું ખોનોમા ભારતનું એક એવું ગામ છે. સરકારે ૨૦૦૫ માં ખોનોમાનું ઉદ્ઘાટન કર્યું હતું અને ઔપચારિક રીતે દેશનું પ્રથમ ગ્રીન વિલેજ જાહેર કરવામાં આવ્યું હતું. ખોનોમાનું નામ ખ્વુનો પરથી રાખવામાં આવ્યું છે, જે એક નાનો છોડ છે જે ગામની આસપાસ પુષ્કળ પ્રમાણમાં ઉગે છે. આ વિસ્તારના પ્રાથમિક રહેવાસીઓ અંગામી જાતિઓ છે, જેઓ તેમની બહાદુરી અને લડાયક પરાક્રમ માટે જાણીતા છે. આ ગામ વાંસ અને શેરડી વણાટની કળામાં તેના મુખ્ય કારીગર માટે પણ પ્રખ્યાત છે.અહીં અગાઉ પરંપરાગત જીવનશૈલીનો મુખ્ય ભાગ હતો, ૧૯૯૮ થી આ વિસ્તારમાં સખત પ્રતિબંધિત છે. આજીવિકા અને પર્યાવરણીય સંરક્ષણ કેવી રીતે સાથે રહી શકે છે તેના ઉદાહરણ તરીકે, આજે આ સમુદાય ખેતી, પશુધન અને વન સંસાધનોના ઉછેરથી સમૃદ્ધ થાય છે.

## લદાખમાં ૫.૭ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ, કાશ્મીરથી લઈને તાજિકિસ્તાન સુધી ધરા ધ્રૂજી

। એજન્સી, લદાખ, તા.૧૯ ।

કેન્દ્રશાસિત પ્રદેશ લદાખમાં સોમવાર ૧૯ જાન્યુઆરીના રોજ ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા, જેના કારણે લેહ સહિતના વિસ્તારોમાં દહેશતનો માહોલ ફેલાયો હતો. આ ભૂકંપની અસર કાશ્મીર અને પડોશી દેશ તાજિકિસ્તાન સુધી જોવા મળી હતી. રાહતની વાત એ છે કે આ ભૂકંપને કારણે હાલ કોઈ જાનહાનિના સમાચાર નથી.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, લદાખમાં સોમવારે સવારે ૧૧ વાગીને ૫૧ મિનિટે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૫.૭ માપવામાં આવી હતી.એનસીએસએ જણાવ્યું કે આ ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી ૧૭૧ કિલોમીટર નીચે હતું. ભૂકંપ એટલો શક્તિશાળી હતો કે તેના આંચકા લદાખની બહાર કાશ્મીરના કેટલાક વિસ્તારોમાં પણ અનુભવાયા હતા.સોમવારની સવાર દેશના ઉત્તરીય ભાગ માટે ભૂકંપના આંચકાઓથી ભરેલી રહી. લદાખ પહેલા, રાજધાની દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં પણ ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા.એનસીએસ મુજબ, દિલ્હીમાં સવારે ૮ વાગીને ૪૪ મિનિટે આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૮ હતી. આ ભૂકંપનું કેન્દ્ર ઉત્તરી દિલ્હીમાં જ નોંધાયું હતું અને તેની અસર હરિયાણાના સોનીપત સુધી જોવા મળી હતી.

## ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસ : સાતનાં મોત, ૧૦૦થી વધુ ટ્રેનો મોડી પડી

। એજન્સી, નવી દિલ્હી, તા.૧૯ ।

દેશનાં ઉત્તરી ભાગોમાં ઠંડીનો પ્રકોપ જારી છે. કાશ્મીરમાં લઘુતમ તાપમાન સતત ઘટી રહ્યું છે. પંજાબનાં અમૃતસરમાં લઘુતમ તાપમાન ઘટીને ૧.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. જમ્મુ-કાશ્મીરનાં સોનામાર્ગમાં માઈનસ ૮.૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું.

પોલીસનાં જણાવ્યા અનુસાર હરિયાણાનાં નૂંહમાં કુંડલી-માનેસર-પલવલ (કેએમપી) એક્સપ્રેસવે પર રવિવાર સવારે ગાઢ ધુમ્મસને કારણે વાહનો એકબીજા સાથે ટકરાતા એક ટ્રક ડ્રાઈવર સહિત બે લોકોનાં દાઝી જવાથી મોત થયા હતાં.તેમણે જણાવ્યું હતું કે આ અકસ્માતને કારણે લાંબો ટ્રાફિક જામ થયો હતો અને એક્સપ્રેસ વે ઉપર પણ ટ્રાફિકમાં અવરોધ ઉભો થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશનાં બરેલી જિલ્લામાં રવિવાર સવારે ગાઢ ધુમ્મસને કારણે દિલ્હી-લખનઉ નેશનલ હાઈવે પર ઓછામાં ઓછા ૨૦ વાહનો એકબીજા સાથે ટકરાયા હતાં. ઉત્તર પશ્ચિમ ભારતમાં આગામી એક સપ્તાહ દરમિયાન ગાઢ ધુમ્મસ અને ઠંડી જારી રહેશે. કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ કે બરફવર્ષાની પણ સંભાવના છે. ઉત્તર પ્રદેશમાં આ સિઝનનો સૌથી ગાઢ ધુમ્મસ જોવા મળ્યો હતો.

### ૨૪,૦૦૦થી વધુ લોકોની ધરપકડ

# ઈરાનમાં વિરોધ પ્રદર્શનોમાં અત્યાર સુધી ૫૦૦૦થી વધુ લોકોના મોત નિપજ્યાં । ખામેનેઈ સરકારે સ્વીકાર્યું !!

**સુરક્ષાના કારણોસર ગુપ્તતા રાખતા અધિકારીએ જણાવ્યું કે સૌથી ભયાનક હિંસા ઉત્તર-પશ્ચિમ ઈરાનના કુર્દ બહુલ વિસ્તારોમાં જોવા મળી હતી । વિસ્તારમાં કુર્દ અલગતાવાદી સંગઠનો સક્રિય હોવાથી અહીં અથડામણો સૌથી વધુ લોહિયાળ રહી હતી**

। એજન્સી, તહેરાન, તા.૧૯ ।

ઈરાનમાં ફાટી નીકળેલા હિંસક વિરોધ પ્રદર્શનોને લઈને ચોંકાવનારી વિગતો સામે આવી છે. ઈરાન સરકારના એક ઉચ્ચ અધિકારીએ રવિવારે સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે આ હિંસામાં અત્યાર સુધીમાં ૫,૦૦૦ થી વધુ લોકોના મોત થયા છે, જેમાં અંદાજે ૫૦૦ સુરક્ષાકર્મીઓનો પણ સમાવેશ થાય છે. સરકારે આ કાયદાકીય અરાજકતા માટે આતંકવાદીઓ અને હથિયારબદ્ધ ઉપદ્રવી તત્વોને જવાબદાર ઠેરવ્યા છે.સુરક્ષાના કારણોસર ગુપ્તતા રાખતા અધિકારીએ જણાવ્યું કે સૌથી ભયાનક હિંસા ઉત્તર-પશ્ચિમ ઈરાનના કુર્દ બહુલ વિસ્તારોમાં જોવા મળી હતી. આ વિસ્તારમાં કુર્દ અલગતાવાદી સંગઠનો સક્રિય હોવાથી અહીં અથડામણો સૌથી વધુ લોહિયાળ રહી હતી. સરકારનો દાવો છે કે દેખાવકારોને ઈઝરાયેલ



અને અન્ય વિદેશી શક્તિઓ દ્વારા હથિયારો અને સમર્થન પૂરું પાડવામાં આવ્યું હતું.

બીજી તરફ, અમેરિકા સ્થિત માનવાધિકાર સંગઠન ૐઈછદ્રછએ આંકડાઓમાં તફાવત દર્શાવતા કહ્યું છે કે તેમના મતે ૩,૩૦૮ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય ૪,૩૮૨ કેસની તપાસ હજુ ચાલુ છે. સંગઠનનો દાવો છે કે પ્રદર્શનો દરમિયાન ૨૪,૦૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ઈરાન સરકાર વારંવાર પોતાની આંતરિક અશાંતિ માટે ઈઝરાયેલ જેવા કટ્ટર દુશ્મનો પર દોષારોપણ કરતી રહી છે.

આ હિંસામાં થયેલા આર્થિક નુકસાનના આંકડા પણ ભયાનક છે. ૧૯ દિવસ ચાલેલા આ તોફાનોમાં ઈરાનના ૩૦ પ્રાંતોમાં ૨૫૦ મસ્જિદો અને ૨૦ ધાર્મિક કેન્દ્રોને નુકસાન થયું છે. આ ઉપરાંત ૧૮૨ એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડના સાધનો સળગાવી દેવાતા અંદાજે ૫.૩ મિલિયન ડોલરનું નુકસાન થયું છે. બેંકિંગ ક્ષેત્રમાં પણ મોટી તબાહી મચી છે, જેમાં ૩૧૭ બેંક શાખાઓ સંપૂર્ણપણે નષ્ટ થઈ ગઈ છે અને ૪૭૦૦ જેટલી બેંકોને અંશતઃ નુકસાન પહોંચ્યું છે.

માળખાગત સુવિધાઓની સાથે શિક્ષણ અને સંસ્કૃતિ પર પણ હુમલા થયા છે. ૨૬૫ શાળાઓ, ત્રણ મોટી લાયબ્રેરી અને આઠ સાંસ્કૃતિક સ્થળોમાં તોડફોડ કરવામાં આવી છે. વીજળી ક્ષેત્રે પણ ૬.૬ મિલિયન ડોલરની સંપત્તિ તબાહ થઈ હોવાનું અહેવાલમાં જણાવાયું છે. હાલ ઈરાનમાં સ્થિતિ શાંત હોવાનું કહેવાય છે, પરંતુ હિંસાના આ ૧૯ દિવસોએ દેશને આર્થિક અને સામાજિક રીતે મોટો ફટકો માર્યો છે.

### વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ

## મણિકર્ણિકા ઘાટે મૂર્તિઓ તોડવાનો વિવાદ : સંજયસિંહ, પપ્પુ યાદવ સામે ફરિયાદ

। એજન્સી, વારાણસી, તા.૧૯ ।

ધર્મ નગરી કાશી મંદિરોનું શહેર ગણવામાં આવે છે. તાજેતરમાં અહીંના પ્રખ્યાત મણિકર્ણિકા ઘાટના રિડેવલપમેન્ટ માટે પ્રશાસન દ્વારા ચલાવાઈ રહેલા જેસીબીથી કેટલીક મૂર્તીઓ અને મંદિર તોડાયા હોવાના દાવા સાથે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. વીડિયોમાં ખંડિત મૂર્તીઓ અને તેના પર ચાલતા જેસીબી દેખાડાયા હતા. જોકે આ વીડિયો ફેક હોવાના દાવા સાથે વારાણસી પોલીસે આપના નેતા સંજયસિંહ, પપ્પુ યાદવ સહિતના સામે ફરિયાદો દાખલ કરી છે.કેટલાક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે મણિકર્ણિકા ઘાટ પર ખરેખર મૂર્તીઓ, અને મંદિર તોડવામાં આવ્યા છે. જેમની મૂર્તીઓ તોડવામાં આવી તેમાં રાણી અહિલ્યાબાઈ હોલ્કરનો પણ સમાવેશ થાય છે. ખંડિત મૂર્તીઓ અને કેટલાક ધાર્મિક સ્થળો પર ફરી રહેલા જેસીબી મશીનોના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. જેને કેટલાક નેતાઓ દ્વારા પણ શેર કરવામાં આવ્યા હતા. સમગ્ર મામલે વિવાદ થતા હવે પ્રશાસને દાવો કર્યો છે કે આ વીડિયો સાચા નથી, જ્યારે વારાણસી જિલ્લા પ્રશાસન દ્વારા સમગ્ર મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. બીજી તરફ વિવાદ વચ્ચે વારાણસી પોલીસે આપના સાંસદ સંજયસિંહ, કોંગ્રેસના નેતા પપ્પુ યાદવ સહિત આઠ સામે એફઆઈઆર દાખલ કરી છે. ફરિયાદ દાખલ થયા બાદ આપના સંજયસિંહે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લોકસભા મત વિસ્તારમાં મણિકર્ણિકા ઘાટને વેર વિખેર કરી દેવામાં આવ્યું છે, મંદિરોને તોડવામાં આવ્યા, કાશી વિશ્વનાથ મંદિરનું જીર્ણોદ્ધાર કરાવનારા માતા અહિલ્યાબાઈજીની મૂર્તી પણ તોડવામાં આવી હતી, જેનો વિરોધ ખુદ કાશીના સાધુ સંતો કરી રહ્યા છે. અહિલ્યાબાઈના પરિવારે, લોકસભાના પૂર્વ અધ્યક્ષ સમિત્રા મહાજને પણ વિરોધ કર્યો છે પરંતુ માત્ર મારી વિરુદ્ધ જ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ધર્મ નગરી કાશી મંદિરોનું શહેર ગણવામાં આવે છે. તાજેતરમાં અહીંના પ્રખ્યાત મણિકર્ણિકા ઘાટના રિડેવલપમેન્ટ માટે પ્રશાસન દ્વારા ચલાવાઈ રહેલા જેસીબીથી કેટલીક મૂર્તીઓ અને મંદિર તોડાયા હોવાના દાવા સાથે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા.

### ન્યૂઝ બ્રિફ




## બાંગ્લાદેશનાં ગાઝીપુરમાં હિન્દુ વેપારીની માથામાં પાવડો મારી હત્યા : ત્રણની ધરપકડ

। એજન્સી, ઢાકા, તા.૧૯ ।

બાંગ્લાદેશમાં લઘુમતિઓ ઉપર સતત હુમલા થઈ રહ્યા છે તે પૈકી શનિવારે સાંજે એક હિન્દુ વેપારીની હત્યા કરાઈ છે, મૃતકનું નામ 'લિનોનચંદ્ર ઘોષ' હોવાનું જાણવા મળ્યું છે. તે બોઈશાખી સ્વીટ મીટ એન્ડ હોટેલનો માલિક હતો.ગાઝીપુર જિલ્લાંનાં કાવિગંજના બોરો-નાગોર રોડ ઉપર પોતાની દુકાન ધરાવતો હતો. ૫૫ વર્ષના આ વેપારીને સ્થાનિક લોકો 'કાલી'ના નામથી બોલાવતા હતા. કેટલાક રાસ્કલ્સે તેના માથામાં પાવડો મારી તેની હત્યા કરી હતી. પોલીસે આ અંગે ત્રણની ધરપકડ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે.છેલ્લાં ૨૪ કલાકમાં બીજા હિન્દુની હત્યા કરવામાં આવી છે. શુક્રવારે વધુમાં જાણવા મળ્યું છે કે તે દુકાનદારના એક કર્મચારી ઉપર હુમલો થયો હતો તેને બચાવવા જતાં વેપારીની હત્યા કરાઈ હતી. ગોપાલંદો મોર શહેરમાં આવેલાં 'કરીમ-ફીલીંગ-સ્ટેશન'માં એક મોટરિસ્પે ૫૦૦૦ ટકા (આશરે રૂા. ૩,૭૧૦)નું પેટ્રોલ ભરાવ્યું હતુ પછી પૈસા આપ્યા વિના જ તેણે મોટર ચલાવી ત્યારે તે પેટ્રોલ પંપનો ૩૦ વર્ષનો કામદાર રીમોન સહા મોટરની આડે ઉભો રહ્યો. પરંતુ તે એસ.યુ.વી. વાળાએ તેની ઉપર જ મોટર ચલાવતાં તેનું મૃત્યુ થયું હતું. પોલીસે તે એસ.યુ.વી. કબ્જે કરી છે, અને મોટરના માલિક અબ્દુલ હસન (૫૫) અને ડ્રાઈવર કમાલ હુસૈન (૪૩)ની ધરપકડ કરી સાપરાધ મનુષ્યવધનો કેસ દાખલ કર્યો છે.બાંગ્લાદેશના કટ્ટરવાદી નેતા, શરીફ ઓસ્માન હાઈની હત્યા થયા પછી બાંગ્લાદેશમાં લઘુમતિઓ ઉપર હુમલાઓ વધી ગયા છે. ગત વર્ષે ડીસેમ્બર મહીનામાં જ આવી ૫૧ ઘટનાઓ બની હતી.

## દિલ્હીમાં રૂ. પાંચ કરોડનું કોકેન અને એમડીએમએ ટેબલેટ જપ્ત

। એજન્સી, નવી દિલ્હી, તા.૧૯ ।

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે નાઈજિરિયન નાગરિકો દ્વારા સંચાલિત એક ઈન્ટરનેશનલ ડ્રગ સિંડિકેટનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીમાં બે વિદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં પાંચ કરોડ રૂપિયાનું કોકેન અને એમડીએમએ જપ્ત કરવામાં આવ્યું છે. આ ઓપરેશન દિલ્હીનાં અલગ અલગ વિસ્તારોમાં ચલાવવામાં આવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર ઓપરેશન દરમિયાન ૪૧૮ ગ્રામ કોકેન, ૯૨૫ એમડીએમએ ટેબલેટ (એક્સ્ટેસી) જપ્ત કરવામાં આવી છે. પોલીસ છેલ્લા સમયથી એક્ટિવ ડ્રગ સપ્લાલરોની પ્રવૃત્તિઓ પર કડક નજર રાખી રહી હતી.

## અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હિટલરશાહી સામે યુરોપના દેશોનો

। એજન્સી, વિદ્રોહબર્લિન, તા.૧૯ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વેનેઝુએલા પર 'કબજો' કર્યા પછી હવે ગ્રીનલેન્ડ પર નિયંત્રણ માટે ઉતાવળા બન્યા છે ત્યારે યુરોપના દેશોએ ટ્રમ્પનો ઉગ્ર વિરોધ કર્યો છે.

યુરોપના સાથી દેશોનો વિરોધ સાંખી નહીં શકતા ટ્રમ્પે આઠ દેશો પર ટેરિફ ઝિંકી દીધા છે. જોકે, યુરોપના દેશો ગ્રીનલેન્ડના મુદ્દે અમેરિકન પ્રમુખ ટ્રમ્પ સામે લડી લેવાના મૂડમાં છે. ટ્રમ્પના ટેરિફથી ડર્યા વિના હવે યુરોપના દેશોએ અમેરિકા સાથે લાંબા સમયથી ચાલતી વેપાર કરારની વાટાઘાટો અટકાવી દીધી છે. ફ્રાન્સના પ્રમુખ મૈક્રો અને બ્રિટનના પીએમ સ્ટાર્મરે પણ ટ્રમ્પને સ્પષ્ટ કહી દીધું છે કે તેઓ ટેરિફની કાર્યવાહીથી ડરવાના નથી અને ગ્રીનલેન્ડ મુદ્દે અમેરિકાનો વિરોધ ચાલુ રાખશે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ મુદ્દે સાથ નહીં આપવા બદલ યુરોપના આઠ દેશો પર ૧ ફેબ્રુઆરીથી ૧૦ ટકા ટેરિફ નાંખવાની અને આ મુદ્દે કોઈ સોદો ના થાય તો ૧ જૂનથી ટેરિફ વધારીને ૨૫ ટકા કરવાની શનિવારે જાહેરાત કરી હતી.

જોકે, ટ્રમ્પના ટેરિફથી ડરવાના બદલે યુરોપીયન સંઘ (ઈયુ)એ અમેરિકા સાથે લાંબા સમયથી ચાલી રહેલા ટ્રાન્સ એટલાન્ટિક વેપાર સમજૂતી અટકાવી દીધી છે. યુરોપીયન સંસદના વરિષ્ઠ સભ્યોએ આ નિર્ણયની પુષ્ટી કરી છે. તેમણે કહ્યું કે ટેરિફના ટેન્શને ટ્રાન્સ એટલાન્ટિક વેપાર કરારને મંજૂરી આપવાના રાજકીય સંદર્ભને મૌલિકરૃપે બદલી નાંખ્યો છે.

## કાશ્મીરમાં સફરજનની ખેતીના કારણે યુવાન આત્મઘાતી બોમ્બર બનતા રહી ગયો

। એજન્સી, શ્રીનગર, તા.૧૯ ।

ગયા વર્ષે નવેમ્બર મહિનામાં દિલ્હીના લાલ કિલ્લા પાસે આતંકીઓ દ્વારા આત્મઘાતી વિસ્ફોટ કરવામાં આવ્યો હતો, આ હુમલા અંગે નવો ખુલાસો થયો છે. એજન્સીઓને તપાસમાં જાણકારી મળી છે કે આ હુમલાને બે આત્મઘાતી હુમલાખોરો અંજામ આપવાના હતા, આ હુમલામાં માર્યા ગયેલા આતંકી ડો. ઉમર નબીએ પોતાની સાથે વધુ એક આતંકીને સુસાઈડ બોમ્બર તરીકે રાખવા નિર્ણય કર્યો હતો. જોકે આ બીજો આતંકી કાશ્મીરમાં સફરજનની ખેતી કરવાની હોવાથી હુમલામાં સામેલ નહોતો થઈ શક્યો. શ્રીનગર પોલીસ અને કેન્દ્રીય તપાસ એજન્સી એનઆઈએ દ્વારા નાબીના આતંકી મોડયુલનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ વિસ્ફોટમાં આતંકી નબી ખુદને બોમ્બથી ઉડાવવાને કારણે માર્યો ગયો હતો પરંતુ જે અન્ય આતંકીઓ ઝડપાયા છે તેની પૂછપરછમાં નબીના આતંકી મોડયુલના નવા ખુલાસા થયા છે. એજન્સીઓએ કાશ્મીરના શોપિયાંના રહેવાસી યાસીર અહેમદ ડારની ધરપકડ કરી હતી. નબીએ ડારનું બ્રેઈનવોશ કરીને તેને આતંકવાદી બનાવી નાખ્યો હતો.

**બલુચિસ્તાનના નેતા મીર યારનો ઘટસ્ફોટ** | **પાક. સરકાર દ્વારા મસ્જિદો પર બોમ્બ ફેંકીને અનેક મૌલવીઓનું અપહરણ કરાયું**

# બલુચિસ્તાનમાં પાકિસ્તાને અનેક મસ્જિદોને બોમ્બથી ઉડાવી દીધી

। એજન્સી, ઇસ્લામાબાદ, તા.૧૯ ।

બલુચિસ્તાનમાં પાકિસ્તાન દ્વારા અનેક મસ્જિદો તોડવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ ખુલાસો બલુચિસ્તાનની આઝાદીની લડાઈ લડી રહેલા સ્થાનિક નેતા મીર યાર બલોચ દ્વારા કરવામાં આવ્યો છે. સાથે જ તેમણે પાકિસ્તાનને એક આતંકવાદી દેશ પણ જાહેર કર્યો હતો.

મીર યારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યુ હતું કે પાકિસ્તાન એક આતંકવાદી દેશ છે અને હિન્દુઓ, શીખો, ખ્રિસ્તીઓ સહિતના લઘુમતીઓ પર અત્યાચાર કરી રહ્યું છે. પોતાના જ દેશમાં લઘુમતીઓ સુરક્ષિત નથી એવામાં પાકિસ્તાનને ભારત સહિતના દેશોમાં લઘુમતીઓના અધિકારો અંગે વાત કરવાનો કોઈ જ અધિકાર નથી. પાકિસ્તાનનું ખુદનું સૈન્ય કટ્ટરવાદીઓ, જિહાદીઓનો ઉપયોગ હિન્દુઓને દબાવવા માટે કરી રહ્યું છે.

બલુચિસ્તાનના નેતાએ વધુમાં કહ્યું હતું કે પાકિસ્તાને સ્વતંત્ર બલુચિસ્તાનમાં લગભગ ૪૦ મસ્જિદોનો નાશ કરી નાખ્યો છે જેમાં મસ્જિદો પર સીધા બોમ્બથી હુમલા કરવા, મસ્જિદોના સંચાલકોનું અપહરણ કરવું, કુરાન સળગાવવા જેવી જઘન્ય ઘટનાઓને પાકિસ્તાની સૈન્ય, પોલીસ અને સરકાર અંજામ આપી રહ્યા છે.



જમ્મુ કાશ્મીરમાં સરકાર મસ્જિદો, મેનેજમેન્ટ કમિટીઓ, ઈમામો વગેરેની જાણકારી એકઠા કરવા માટે એક પ્રોફાઈલિંગ કરવામાં આવી રહી છે. જેને લઈને પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા અટકચાળો કરવામાં આવ્યો હતો અને આ પ્રક્રિયાની ટીકા કરવામાં આવી હતી, જોકે હવે બલુચિસ્તાનના લોકો પાકિસ્તાનને તેમના અત્યાચારો યાદ અપાવી રહ્યા છે અને ભારત પર કોઈ જ ખોટી ટિપ્પણી ના કરવાની સલાહ આપી રહ્યા છે. બલુચિસ્તાનમાં પાકિસ્તાન દ્વારા અનેક મસ્જિદો તોડવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ ખુલાસો બલુચિસ્તાનની આઝાદીની લડાઈ લડી રહેલા સ્થાનિક નેતા મીર યાર બલોચ દ્વારા કરવામાં આવ્યો છે. સાથે જ તેમણે પાકિસ્તાનને એક આતંકવાદી દેશ પણ જાહેર કર્યો હતો.

મીર યારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યુ હતું કે પાકિસ્તાન એક આતંકવાદી દેશ છે અને હિન્દુઓ, શીખો, ખ્રિસ્તીઓ સહિતના લઘુમતીઓ પર અત્યાચાર કરી રહ્યું છે. પોતાના જ દેશમાં લઘુમતીઓ સુરક્ષિત નથી એવામાં પાકિસ્તાનને ભારત સહિતના દેશોમાં લઘુમતીઓના અધિકારો અંગે વાત કરવાનો કોઈ જ અધિકાર નથી.

# બીએલએફનો બલૂચિસ્તાનમાં મોટો હુમલો । ૫૦ પાકિસ્તાની સૈનિકોના મોત, અનેક ઈજા





બલૂચિસ્તાન : પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનમાં બલૂચ લિબરેશન ફ્રન્ટ (બીએલએફ)એ પાકિસ્તાની સેના પર અત્યાર સુધીનો સૌથી મોટો અને ભીષણ હુમલો કર્યો હોવાનો દાવો કર્યો છે. બીએલએફના જણાવ્યા અનુસાર, ખારાન શહેરમાં કરવામાં આવેલા આ સમન્વિત હુમલામાં ૫૦થી વધુ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે અને અનેક ઈજાગ્રસ્ત થયા છે.બીએલએફના પ્રવક્તાએ જણાવ્યું કે, ૧૫ જાન્યુઆરીના રોજ બપોરે ખારાન શહેરમાં તેમના લડાકુઓએ પ્રવેશ કરી આખા શહેર પર કબજો જમાવી લીધો હતો. આ સંઘર્ષ સતત ૯ કલાક સુધી ચાલ્યો હતો. તેમણે પોલીસ સ્ટેશનને પોતાના નિયંત્રણમાં લઈ લીધું હતું, ત્યાં તૈનાત કર્મચારીઓને બંધક બનાવ્યા હતા અને તમામ સરકારી હથિયારો છીનવી લીધા હતા. આ ઉપરાંત જેલમાં બંધ કેદીઓને છોડાવીને પોલીસ વાહનો અને રેકોર્ડને આગ ચાંપી દેવામાં આવી હતી.લડાકુઓની અન્ય એક ટુકડીએ ખારાનના મુખ્ય બજારમાં ઘૂસીને મીઝાન બેંક, અલ હબીબ બેંક અને નેશનલ બેંક સહિતની સરકારી ઈમારતોને નિશાન બનાવી હતી. આ દરમિયાન સેનાના કાફલા પર પણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ૧૫ સૈનિકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. ઘાયલોમાં પાકિસ્તાની સેનાના વિંગ કમાન્ડર કર્નલ વધાન અને મેજર આસિમનો પણ સમાવેશ થાય છે.બીજી તરફ, બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા સામાન્ય નાગરિકોને ઉપાડી જવાની ઘટનાઓ પણ વધી છે.

## મસાબાએ તેની ડિઝાઈનર સાડી અયોધ્યામાં પહેરવા ના પાડી હતી : કંગના



। એજન્સી, મુંબઇ, તા.૧૯ ।

સંગીતકાર એ આર રહેમાને બોલિવુડમાં પોતાને કોમવાદને કારણે કામ નથી મળતું તેમ કહી વિવાદનો મધપૂડો છંછેડયો છે. જોકે, રહેમાને તે પછી પોતે કોઈની લાગણી દૂભાવવા માગતો ન હતો તેવો ખુલાસો પણ કર્યો છે. જોકે, આ વિવાદ હવે આગળ વધ્યો છે. કંગનાએ રહેમાનને અતિશય પૂર્વગ્રહ ધરાવતો અને દ્વેષ ધરાવતો માણસ ગણાવ્યો છે. કંગનાએ અન્ય સંદર્ભમાં એક એવો પણ આક્ષેપ કર્યો છે કે તે અયોધ્યા રામ જન્મભૂમિ ખાતે જવાની હતી ત્યારે મસાબાએ તેને તેની ડિઝાઈન કરેલી સાડી નહિ પહેરવા જણાવી દીધું હતું. કંગનાએ એક લાંબી સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે પોતે ત્યારે 'તેજસ' ફિલ્મમાં કામ કરી રહી હતી તે વખતે પોતે રામ જન્મભૂમિ ખાતે જવાની હતી ત્યારે મસાબાએ આગ્રહ રાખ્યો હતો કે મારે તેની સ્ટાઈલ કરેલી સાડી ત્યાં પહેરવી નહિ અથવા તો હું તેની સાડી પહેરું તો તેના પરથી મસાબાનું લેબલ કાઢી નાખવાનું રહેશે. કંગનાએ મસાબાની વાત બોલિવુડના ડિઝાઈનર્સ તેના માટે કેવો પૂર્વગ્રહ ધરાવે છે તે સંદર્ભમાં કરી છે પરંતુ નેટ યૂઝર્સ આ સમગ્ર ચર્ચાને બોલિવુડમાં હાલ કોમવાદ મુદે ચાલેલી ચર્ચા સાથે જોડી રહ્યા છે.

રાષ્ટ્રપતિ દ્વારા ઇમરજન્સીની જાહેરાત

## ચિલીના જંગલોમાં પ્રચંડ આગમાં ૧૮ લોકોના મોત ૨૦ હજારથી વધુ લોકો બેઘર । ઈમરજન્સી જાહેર

**બાયોબિયો અને નુબલે વિસ્તારોમાં આગની સ્થિતિ સૌથી વધુ ગંભીર ૮૫૦૦ હેક્ટર વન સંપદા ખાખ, હજારો પશુઓના મોત । ઇન્દુરા ગેસ પ્લાન્ટ પર વિસ્ફોટનું જોખમ**

। એજન્સી, કોન્સેપ્સિયન, તા.૧૯ ।

દક્ષિણ અમેરિકાના દેશ ચિલીમાં અત્યારે કુદરતી આફતે હાહાકાર મચાવ્યો છે. કોન્સેપ્સિયન પાસે આવેલા પેન્કોના જંગલોમાં લાગેલી ભીષણ આગને કારણે અત્યાર સુધીમાં ૧૮ લોકોના મોત નીપજ્યા છે. સતત વધતી આગને જોતા સરકારે પ્રભાવિત વિસ્તારોમાં કટોકટી જાહેર કરી દીધી છે.બાયોબિયો અને નુબલે વિસ્તારોમાં આગની સ્થિતિ સૌથી વધુ ગંભીર છે. અત્યાર સુધીમાં અંદાજે ૮૫૦૦ હેક્ટર જમીન પર ફેલાયેલી વન સંપદા બળીને રાખ થઈ ગઈ છે. ભીષણ ગરમી અને તેજ પવનને કારણે આગ વધુ વિકરાળ બની રહી છે, જેને કારણે વન્યજીવોને પણ ભારે નુકસાન થયું છે. આસપાસના ગામોમાંથી અંદાજે ૫૦,૦૦૦ લોકો પોતાનું ઘર છોડી સલામત સ્થળે જવા મજબૂર બન્યા છે, જ્યારે તંત્ર દ્વારા ૨૦,૦૦૦ લોકોનું સુરક્ષિત રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે.

સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, અસરગ્રસ્ત વિસ્તારોમાં તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી ગયું છે. ગરમી એટલી પ્રચંડ છે કે રસ્તા પર ઉભેલી કારો પણ પીગળી રહી છે. અનેક ચર્ચ અને મકાનો આગમાં હોમાઈ ગયા છે. આકાશ



નારંગી રંગનું થઈ ગયું છે અને ચારે બાજુ ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા છે.

સરકારની સૌથી મોટી ચિંતા અત્યારે જંગલની નજીક આવેલો 'ઈન્દુરા ગેસ પ્લાન્ટ' છે. જો આગ આ પ્લાન્ટ સુધી પહોંચશે, તો ગેસ લીકેજ અથવા ભીષણ વિસ્ફોટ થવાની પૂરેપૂરી આશંકા છે, જે મોટી જાનહાનિ નોતરી શકે છે. હાલમાં ફાયર ફાઈટરો પ્લાન્ટને બચાવવા માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે.

ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિકે અસરગ્રસ્ત વિસ્તારોમાં આફત સામે લડવા માટે સેના અને વહીવટી તંત્રને કામે લગાડ્યું છે. હોસ્પિટલોને પણ એલર્ટ મોડ પર રાખવામાં આવી છે. તંત્રએ લોકોને સલાહ આપી છે કે તેઓ ધુમાડાથી દૂર રહે, ખાસ કરીને બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવામાં આવે.દક્ષિણ અમેરિકાના દેશ ચિલીમાં અત્યારે કુદરતી આફતે હાહાકાર મચાવ્યો છે. કોન્સેપ્સિયન પાસે આવેલા પેન્કોના જંગલોમાં લાગેલી ભીષણ આગને કારણે અત્યાર સુધીમાં ૧૮ લોકોના મોત નીપજ્યા છે. સતત વધતી આગને જોતા સરકારે પ્રભાવિત વિસ્તારોમાં કટોકટી જાહેર કરી દીધી છે.બાયોબિયો અને નુબલે વિસ્તારોમાં આગની સ્થિતિ સૌથી વધુ ગંભીર છે. અત્યાર સુધીમાં અંદાજે ૮૫૦૦ હેક્ટર જમીન પર ફેલાયેલી વન સંપદા બળીને રાખ થઈ ગઈ છે.

**શું કેનેડામાં અમેરિકન સૈનિકો તૈનાત થશે?**


## કેનેડામાં ચીન-રશિયાના ખેલથી ડોનાલ્ડ ટ્રમ્પ ટેન્શનમાં । સહયોગીઓને કરવા લાગ્યા ફરિયાદ

**ચીન અને રશિયાના વધતા પ્રભાવથી ટ્રમ્પ ચિંતિત ટ્રમ્પની સૈન્ય કાર્યવાહીથી પાડોશી દેશોમાં ફફડાટ**

। એજન્સી, વોશિંગ્ટન, તા. ૧૯ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે પશ્ચિમ ગોળાર્ધમાં પોતાની પકડ મજબૂત કરવા માટે આક્રમક તેવર બતાવી રહ્યા છે. ગ્રીનલૅન્ડને ખરીદવાની ઈચ્છા બાદ હવે ટ્રમ્પનું ધ્યાન કેનેડાના આર્કટિક ક્ષેત્ર પર કેન્દ્રિત થયું છે. ટ્રમ્પને આશંકા છે કે કેનેડા પોતાની સરહદોની રક્ષા કરવામાં સક્ષમ નથી, જેના કારણે આ વિસ્તારમાં રશિયા અને ચીનનો પ્રભાવ વધી રહ્યો છે.ટ્રમ્પ તાજેતરના અઠવાડિયામાં પોતાના સહયોગીઓ સામે સતત ફરિયાદ કરી રહ્યા છે કે આર્કટિક ક્ષેત્રમાં અમેરિકા નબળું પડી રહ્યું છે. ટ્રમ્પનું માનવું છે કે રશિયા કે ચીનની કોઈપણ ઘૂસણખોરીને રોકવા માટે કેનેડાએ પોતાના સંરક્ષણ પર વધુ ખર્ચ કરવો જોઈએ. ટ્રમ્પ ઈચ્છે છે કે અમેરિકન અધિકારીઓ કેનેડામાં પોતાનો પ્રભાવ વધારે જેથી દુશ્મન દેશોને આ વિસ્તારથી દૂર રાખી શકાય. હાલના અમેરિકન અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેનેડાની ઉત્તરી સરહદ પર અમેરિકન સૈનિકોની તૈનાતી અંગે કોઈ સત્તાવાર ચર્ચા થઈ નથી. ગ્રીનલૅન્ડની જેમ ટ્રમ્પ કેનેડાને ખરીદવાનો પ્રયાસ નથી કરી રહ્યા, પરંતુ તેઓ આર્કટિકની સુરક્ષા વ્યૂહરચનાને લઈને કોઈ મોટો કરાર કરવાની તૈયારીમાં છે. એક અધિકારીએ જણાવ્યું કે, 'ટ્રમ્પને ચિંતા છે કે અમેરિકા પશ્ચિમ ગોળાર્ધમાં પોતાની પકડ ગુમાવી રહ્યું છે.'ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં આવ્યા બાદ અમેરિકા અને કેનેડા વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં ભારે તણાવ જોવા મળી રહ્યો છે. ટ્રમ્પ દ્વારા તાજેતરમાં લેવાયેલા કેટલાક આક્રમક નિર્ણયોએ કેનેડાની સરકારની ચિંતામાં નોંધપાત્ર વધારો કર્યો છે. ટ્રમ્પે વેનેઝુએલાના પ્રમુખ માદુરોને પકડીને અમેરિકા લાવવા અને ત્યાંના તેલ ઉદ્યોગ પર કબજો કરવાના આદેશ આપવાની સાથે ક્યુબા સરકારને પણ ખુલ્લેઆમ ધમકીઓ આપી છે. આ ઉપરાંત, મેક્સિકો અને કોલંબિયા જેવા દેશોમાં ડ્રગ સપ્લાય રોકવા માટે સૈન્ય હસ્તક્ષેપ કરવાની તેમની ચેતવણીએ પાડોશી દેશોમાં ફફડાટ ફેલાવ્યો છે, જેના કારણે કેનેડાને પણ પોતાની સરહદી સુરક્ષા અને સ્વાયત્તતા બાબતે ગંભીર આશંકાઓ સેવાઈ રહી છે.ટ્રમ્પનું કહેવું છે કે જો અમેરિકા ગ્રીનલૅન્ડ પર કબજો કરે તો તે કેનેડાના હિતમાં પણ હશે, કારણ કે તેનાથી રશિયા-ચીન પર લગામ કસાશે.

## નોરા ફતેહીએ ભૂષણકુમાર સાથે અફેરની વાત પાંચ વર્ષે નકારતાં આશ્ચર્ય



। એજન્સી, મુંબઈ, તા.૧૯ ।

નોરા ફતેહીએ ટી સીરિઝ કંપનીના માલિક ભૂષણ કુમાર સાથે તેનું અફેર ચાલતું હોવાની એક પોસ્ટ અંગે પાંચ વર્ષ બાદ પ્રત્યાઘાત આપતાં આશ્ચર્ય સર્જાયું છે. નોરાએ પોતાના પ્રત્યાઘાતમાં આ અફવાને હસી કાઢી છે. જોકે, આ ચેષ્ટા બદલ નોરા ભારે ટ્રોલ થઈ રહી છે. લોકો કોમેન્ટ કરી રહ્યા છે કે હવે પાંચ વર્ષ બાદ આ મુદ્દો ઉખેડવાની ક્યાં જરુર હતી. કેટલાકે લખ્યું હતું કે નોરાએ છેક હવે જવાબ આપીને મૂળ પોસ્ટને વધારે ચર્ચિત કરી દીધી છે. તે પબ્લિસિટી માટે આવી ચેષ્ટા કરી રહી છે. નોરા હાલ મોરોક્કોના ફૂટબોલ ખેલાડી અશરફ હકિમી સાથે અફેર ધરાવતી હોવાનું કહેવાય છે. નોરાએ તેની એક પોસ્ટને લાઈક કરી હતી તે પછી બંનેનાં અફેરની ચર્ચાઓ શરુ થઈ હતી. ઉલ્લેખનીય છે કે ભૂષણ કુમારનાં લગ્ન હિરોઈન દિવ્યા ખોસલા સાથે થઈ ચૂક્યાં છે. જોકે, તેમનાં લગ્નજીવનમાં વિખવાદની અફવા એકથી વધુ વખત ચગી ચૂકી છે. નોરા ફતેહીએ ટી સીરિઝ કંપનીના માલિક ભૂષણ કુમાર સાથે તેનું અફેર ચાલતું હોવાની એક પોસ્ટ અંગે પાંચ વર્ષ બાદ પ્રત્યાઘાત આપતાં આશ્ચર્ય સર્જાયું છે. નોરાએ પોતાના પ્રત્યાઘાતમાં આ અફવાને હસી કાઢી છે. જોકે, આ ચેષ્ટા બદલ નોરા ભારે ટ્રોલ થઈ રહી છે. લોકો કોમેન્ટ કરી રહ્યા છે કે હવે પાંચ વર્ષ બાદ આ મુદ્દો ઉખેડવાની ક્યાં જરુર હતી. કેટલાકે લખ્યું હતું કે નોરાએ છેક હવે જવાબ આપીને મૂળ પોસ્ટને વધારે ચર્ચિત કરી દીધી છે.

## ઇન્ડોશિયામાં ૧૧ પ્રવાસીઓ સાથે ગુમ થયેલા વિમાનનો કાટમાળ મળી આવ્યો

। એજન્સી, જકાર્તા, ૧૯ ।

ઈન્ડોનેશિયન બચાવકર્તાઓએ રવિવારે ગુમ થયેલા વિમાનનો કાટમાળ શોધી કાઢ્યો હતો. જે વાદળછાયા વાતાવરણ દરમિયાન સુલાવેસી ટાપુ પર પર્વતીય પ્રદેશની નજીક પહોંચતી વખતે ૧૧ લોકો સાથે ક્રેશ થયું હોવાનું માનવામાં આવે છે. ટર્બોપ્રોપ એટીઆર ૪૨-૫૦૦ ઈન્ડોનેશિયાનાં મુખ્ય ટાપુ જાવા પરનાં યોગ્યકાર્તાથી દક્ષિણ સુલાવેસી પ્રાંતની રાજધાની મકાસર જઇ રહ્યું હતું. જ્યારે એર ટ્રાફિક કન્ટ્રોલ દ્વારા તેના અભિગમને સુધારવા માટે સુચના આપવામાં આવ્યા પછી શનિવારે તે રડારથી અદ્રશ્ય થઇ ગયું હતું.ઈન્ડોનેશિયા એર ટ્રાન્સપોર્ટ દ્વારા સંચાલિત આ વિમાન છેલ્લે બપોરે ૧.૧૭ વાગ્યે દક્ષિણ સુલાવેસી પ્રાંતનાં પર્વતીય જિલ્લા મારોસના લિઆંગ-લિઆંગ વિસ્તારમાં ટ્રેક કરવામાં આવ્યું હતું.

તેમાં આઠ ક્રૂ સભ્યો અને મરીન અફેર્સ અને ફિશરીઝ મંત્રાલયના ત્રણ મુસાફરો હતાં. જેઓ હવાઇ દરિયાઇ દેખરેખ મિશનનાં ભાગરૂપે સવાર હતાં. ઈન્ડોનેશિયન બચાવકર્તાઓએ રવિવારે ગુમ થયેલા વિમાનનો કાટમાળ શોધી કાઢ્યો હતો. જે વાદળછાયા વાતાવરણ દરમિયાન સુલાવેસી ટાપુ પર પર્વતીય પ્રદેશની નજીક પહોંચતી વખતે ૧૧ લોકો સાથે ક્રેશ થયું હોવાનું માનવામાં આવે છે.

## શું છે ટ્રમ્પનો ૨૦ મુદ્દાનો શાંતિ પ્લાન? । વ્હાઇટ હાઉસમાં લંચ કરીને ખુશ હતા આસિમ મુનિર, હવે ટ્રમ્પે માંગી લીધી 'કિંમત'!

। એજન્સી, વોશિંગ્ટન, તા.૧૯ ।

પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર તાજેતરમાં વ્હાઇટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પ સાથે લંચ કરીને ઉત્સાહમાં હતા, પરંતુ હવે ટ્રમ્પે તે લંચની ભારે કિંમત માંગી છે. ટ્રમ્પે પાકિસ્તાનના પીએમ શહેબાઝ શરીફને નવા રચાયેલા 'ગાઝા પીસ બોર્ડ'માં સામેલ થવાનું સત્તાવાર આમંત્રણ આપ્યું છે. પાકિસ્તાન માટે આ આમંત્રણ કોઈ સન્માન નથી, પરંતુ એક રાજદ્વારી ફાંસો સાબિત થઈ રહ્યો છે, કારણ કે આ ઑફર સ્વીકારવી પાકિસ્તાન માટે આત્મઘાતી સાબિત થઈ શકે તેમ છે.ડોનાલ્ડ ટ્રમ્પ ગાઝા માટે ૨૦ મુદ્દાની શાંતિ યોજના લાવ્યા છે, જેના બીજા તબક્કામાં 'ગાઝા એક્ઝિક્યુટિવ બોર્ડ'ની રચના કરવામાં આવી છે. આ બોર્ડનું મુખ્ય કામ યુદ્ધ પછી ગાઝામાં શાસન વ્યવસ્થા અને સુરક્ષા જાળવવાનું રહેશે. ટ્રમ્પની રણનીતિ સ્પષ્ટ છે: તેઓ ઈચ્છતા નથી કે અમેરિકન સૈનિકો ગાઝાની ગલીઓમાં હમાસ સાથે લડે. તેથી, તેઓ શાંતિ સ્થાપવાના નામે મુસ્લિમ દેશોની સેનાઓને ગાઝામાં ઉતારવા માંગે છે. જો પાકિસ્તાન આ બોર્ડમાં જોડાય, તો તેણે મોડા-વહેલા પોતાની સેના ગાઝા મોકલવી પડશે.પાકિસ્તાન માટે સૌથી મોટો ડર એ છે કે જો તેની સેના ગાઝા જાય, તો તેણે હમાસ અને ઈસ્લામિક જેહાદ જેવા સંગઠનોને નિઃશસ્ત્ર કરવા પડશે. શું પાકિસ્તાની જનતા એ સ્વીકારશે કે તેમની ફોજ, જેને તેઓ 'ઈસ્લામની રક્ષક' માને છે, તે ગાઝામાં જઈને પેલેસ્ટાઇનીઓ કે હમાસના લડવૈયાઓ પર ગોળીબાર કરે? આ સ્થિતિ પાકિસ્તાનની અંદર જ આંતરવિગ્રહ જેવી સ્થિતિ પેદા કરી શકે છે. પાકિસ્તાનમાં ઈઝરાયલ વિરોધી ભાવનાઓ ચરમસીમા પર છે અને જો સેના ઈઝરાયલની સુરક્ષા સુનિશ્ચિત કરતી દેખાશે, તો શાહબાઝ સરકાર માટે ટકી રહેવું મુશ્કેલ બનશે.

**૧૦ કરોડ ડોલરની ઓફર** | **જો કે, આ બર્ફીલા ટાપુને હસ્તગત કરવાનું અમેરિકન ડ્રીમ સેવનાર ટ્રમ્પ કંઈ પહેલા પ્રમુખ નથી**

## અમેરિકા ભૂતકાળમાં પણ બર્ફીલા ટાપુ ગ્રીનલેન્ડને ખરીદવાનો પ્રયાસ કરી ચૂક્યું છે

। એજન્સી, ગ્રીનલૅન્ડ, તા.૧૯ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગ્રીનલૅન્ડ પર કબજો જમાવવાની ઈચ્છાએ યુરોપ-અમેરિકા વચ્ચે તણાવ વધારી દીધો છે. જો કે, આ બર્ફીલા ટાપુને હસ્તગત કરવાનું અમેરિકન ડ્રીમ સેવનાર ટ્રમ્પ કંઈ પહેલા પ્રમુખ નથી. ભૂતકાળમાં અમેરિકાના અન્ય પ્રમુખો પણ ગ્રીનલૅન્ડને ખરીદવાની પેરવી કરી ચૂક્યા છે. આ માટે ૧૦ કરોડ ડૉલર જેવી માતબર રકમ પણ ઑફર કરાઈ હતી. આમ છતાં અમેરિકાના પ્રયાસ કદી સફળ નથી થયા. ઈ.સ. ૧૮૬૭માં અમેરિકાએ રશિયા પાસેથી અલાસ્કા ખરીદ્યું હતું, ત્યારે તત્કાલીન વિદેશ મંત્રી વિલિયમ એચ. સેવર્ડે ગ્રીનલૅન્ડ અને



આઈસલૅન્ડ ખરીદવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. અલાસ્કાની ખરીદીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવનારા ટ્રેઝરી સેક્રેટરી રોબર્ટ વોકરે એ સમયે કહ્યું હતું કે, 'ગ્રીનલૅન્ડ મળવાથી આર્કટિક પ્રદેશને અડીને આવેલા દેશોમાં અમેરિકાનો વેપારી પ્રભાવ વધશે. એ સમયે પણ ડેનમાર્ક અને ગ્રીનલૅન્ડના લોકોએ અમેરિકાના પ્રસ્તાવને નકારી દીધો હતો.'બીજા વિશ્વયુદ્ધ દરમિયાન નાઝી જર્મનીએ ડેનમાર્ક પર કબજો કરી લીધો હતો, એટલે જર્મની વહેલું-મોડું ગ્રીનલૅન્ડ પર પણ હુમલો કરે એવી પ્રબળ શક્યતા હતી. તેથી ગ્રીનલૅન્ડની સુરક્ષાની જવાબદારી અમેરિકાએ સ્વીકારી અને ત્યાં લશ્કરી થાણું બનાવ્યું. આ જ કારણસર ગ્રીનલૅન્ડ જર્મનીના હાથમાં જતું બચી ગયું. યુદ્ધ સમાપ્ત થયા પછી ૧૯૪૬માં ટાપુ ખાલી કરવાનો સમય આવ્યો, ત્યારે અમેરિકાએ ડેનમાર્કને ગ્રીનલૅન્ડ માટે ૧૦ કરોડ ડૉલરની તોતિંગ રકમ ઑફર કરી. યુદ્ધમાં ખૂબ પાયમાલી વેઠી ચૂકેલા ડેનમાર્ક માટે આ રકમ ઘણી મોટી હતી. આમ છતાં ડેનમાર્કે એ ઑફર ઠુકરાવી દીધી હતી.અમેરિકા ગ્રીનલૅન્ડ તો ન ખરીદી શક્યું, પણ નાટોના સભ્ય દેશ તરીકે તેણે ગ્રીનલૅન્ડમાં પોતાની લશ્કરી હાજરી જરૂર રાખી. ડેન્માર્ક એવું કરતા અમેરિકાને અટકાવી પણ ન શક્યું. ૧૯૪૩થી ત્યાં કાર્યરત પિટફિક સ્પેસ બેઝમાં અમેરિકાએ લશ્કરી હાજરી વધારી. શીત યુદ્ધ વખતે રશિયા પર નજર રાખવા અમેરિકા માટે ગ્રીનલૅન્ડનું લશ્કરી થાણું મહત્ત્વપૂર્ણ સાબિત થયું. ડોનાલ્ડ ટ્રમ્પ પહેલીવાર અમેરિકાના પ્રમુખ બન્યા ત્યારે તેમણે જાહેરમાં ગ્રીનલૅન્ડ ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમની દલીલ હતી કે, ગ્રીનલૅન્ડના ભૂગર્ભમાં મોટા પ્રમાણમાં ખનીજો અને દુર્લભ ધાતુઓ છે. આ ઉપરાંત આર્કટિક પ્રદેશમાં અમેરિકાની હાજરી વ્યૂહાત્મક બને એમ છે, પરંતુ ત્યારે પણ ડેનમાર્કની સરકાર અને પ્રજાએ અમેરિકાના પ્રસ્તાવને નકારી કાઢ્યો હતો.

**નાગાલેન્ડમાં વેપારીઓ દુકાનમાં માલ મૂકીને ખેતી કરવા જાય છે**

**અહીં આવતા ગ્રાહકો પોતાની રીતે ખરીદી કરીને નક્કી કરેલા ભાવ મુજબ પેટીમાં રૂપિયા મૂકીને કરે છે ખરીદી**

## આપણા દેશમાં એક એવું ગામ આવેલું છે જેના વિશે સાંભળીને તને ચોંકી જશો । જ્યાં દુકાન વેપારી વગર ચાલે છે




। પ્રતિનિધિ, કોહિમા, તા.૧૯ ।

આપણા દેશમાં એક એવું ગામ આવેલું છે જેના વિશે સાંભળીને તને ચોંકી જશો કારણ કે, અમે અત્યારે એવા ગામની વાત કરવા જઈ રહ્યા છીએ જે ગામમાં દુકાનો તો છે પણ અહીં વેપારીઓ નથી. હા બરાબર અહીં વેપારી વગર દુકાનો ચાલી રહી છે. અમે વાત કરી રહ્યા છીએ નાગાલેન્ડના કોહિમા જિલ્લામાં આવેલા ખોનોમા ગામની. ખોનોમા ગામ દેશનું એક એવું ગામડું જ્યાં દુકાન વેપારી વગર ચાલે છે !ખોનોમા ગામમાં આવતા ગ્રાહકો પોતાની રીતે ખરીદી કરીને નક્કી કરેલા ભાવ મુજબ પેટીમાં રૂપિયા મૂકીને ખરીદી કરે છે. અહીં દુકાનોમાં વેપારીઓ વિવિધ ચીજ વસ્તુઓ પોતાની દુકાનમાં મૂકીને ખેતી અથવા બીજા કામ કરવા માટે જતા રહે છે. ગ્રીન વિલેજ તરીકે જાહેર થયેલ આ ગામમાં લોકોની ગ્રીન પહેલ માટે જાણીતા હોવા ઉપરાંત, ખોનોમાને ભારતના સૌથી સુરક્ષિત ગામોમાંનું એક પણ માનવામાં આવે છે. બહાદુર સ્થાનિક લોકો પરસ્પર આદર અને સાંપ્રદાયિક શિસ્તના વિચારને સમર્થન આપે છે. તેઓ હજુ પણ કડક નૈતિક ધોરણોનું પાલન કરે છે જે તેમના સમુદાયમાં શાંતિ અને સલામતીની ખાતરી આપે છે.અહીંના લોકો ચોરી કે લૂંટની ચિંતા કર્યા વિના તેમના ઘરો અને વ્યવસાયોને તાળા મારતા નથી અને તેમને અડ્યા વિના છોડતા નથી. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ, ૪૨૪ પરિવારો ધરાવતા આ ગામમાં અખંડિતતાની એક અનોખી સંસ્કૃતિ છે જે સમય જતાં ટકી રહી છે. આપણા દેશમાં એક એવું ગામ આવેલું છે જેના વિશે સાંભળીને તને ચોંકી જશો કારણ કે, અમે અત્યારે એવા ગામની વાત કરવા જઈ રહ્યા છીએ જે ગામમાં દુકાનો તો છે પણ અહીં વેપારીઓ નથી. હા બરાબર અહીં વેપારી વગર દુકાનો ચાલી રહી છે. અમે વાત કરી રહ્યા છીએ નાગાલેન્ડના કોહિમા જિલ્લામાં આવેલા ખોનોમા ગામની. ખોનોમા ગામ દેશનું એક એવું ગામડું જ્યાં દુકાન વેપારી વગર ચાલે છે !ખોનોમા ગામમાં આવતા ગ્રાહકો પોતાની રીતે ખરીદી કરીને નક્કી કરેલા ભાવ મુજબ પેટીમાં રૂપિયા મૂકીને ખરીદી કરે છે. અહીં દુકાનોમાં વેપારીઓ વિવિધ ચીજ વસ્તુઓ પોતાની દુકાનમાં મૂકીને ખેતી અથવા બીજા કામ કરવા માટે જતા રહે છે.



































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya